ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા | સ્થાપના ૨૦૧૦ | વર્ષ : ૦૪ અંક : ૦૯ | વિક્રમ સંવત ૨૦૮૧ : શ્રાવણ સુદ ૧૫ | પાના - ૦૮ | કિંમત : ૪ | અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 09 • Dt.09-08-2025 Saturday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125




P.07

જો તમારે કામ કરતાં રહેવું હોય તો યુવાન દેખાવું પડશે : વિદ્યા બાલન



P.07

મૃણાલ ઠાકુર અને ધનુષના સંબંધો અંગે સોશિયલ મીડિયા પર ચર્ચા

યુક્રેન યુદ્ધ પર ચર્ચા માટે ડોનાલ્ડ ટ્રમ્પ ટ્રમ્પ અને પુતિન એકબીજાને મળશે

07



09 AUGUST- 2025 SATURDAY




07

ટેકનિકલ ખામીને લીધે યુનાઇટેડ એરની ૮૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ

**રાજકોટના ૧૧ ડેમ ૭૦% થી વધુ ભરાયા**

## જો વરસાદ ઓછો પડે તો સૌની યોજના દ્વારા નર્મદા નદીનું પાણી ડેમોમાં ઠાલવવાની મંજૂરી લેવામાં આવે છે

# રાજકોટમાં ઓછા વરસાદને કારણે પિયત માટે પાણીની તંગીનો ભય

### જળ વિભાગના અધિકારી જયદીપભાઈ લાવડીયાના જણાવ્યા મુજબ, મુખ્ય ડેમોમાં ભાદર-૧ ડેમ ૪૫ ટકા, ભાદર-૨ ડેમ ૭૫ ટકા, આજી-૧ ડેમ ૭૫ ટકા અને ન્યારી-૧ ડેમ ૫૭ ટકા ભરાયેલા

| પ્રતિનિધિ, રાજકોટ, તા.૮ |

રાજકોટ જિલ્લામાં ૨૭ ડેમોનું સંચાલન જળ વિભાગ દ્વારા કરવામાં આવે છે, જેમાંથી ૧૧ ડેમો ૭૦ ટકાથી વધુ પાણીથી ભરાયેલા છે, જ્યારે ૪ ડેમો ૫૦ ટકાથી વધુ ભરાયેલા છે. જળ વિભાગના અધિકારી જયદીપભાઈ લાવડીયાના જણાવ્યા મુજબ, મુખ્ય ડેમોમાં ભાદર-૧ ડેમ ૪૫ ટકા, ભાદર-૨ ડેમ ૭૫ ટકા, આજી-૧ ડેમ ૭૫ ટકા અને ન્યારી-૧ ડેમ ૫૭ ટકા ભરાયેલા છે. આ પાણીની ઉપલબ્ધતા રાજકોટ શહેર અને આસપાસના ગામો માટે પીવાના પાણી તેમજ સિંચાઈ માટે મહત્વની છે. જોકે, ઓછા વરસાદની સ્થિતિમાં ખેડૂતોને પાક બચાવવા માટે પિયતની જરૂરિયાત રહે છે.સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરિગેશન (સૌની) યોજના રાજકોટ જિલ્લાના ડેમોને ભરવામાં અને પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. જયદીપભાઈ લાવડીયાએ જણાવ્યું કે, જો વરસાદ ઓછો પડે તો સૌની યોજના દ્વારા નર્મદા નદીનું પાણી ડેમોમાં ઠાલવવાની મંજૂરી લેવામાં આવે છે. તાજેતરમાં જ આજી-૧ ડેમમાં સૌની યોજના દ્વારા પાણી ઠાલવવામાં આવ્યું, જેથી રાજકોટ શહેરને પીવાના પાણીની સુવિધા મળી. આ યોજના ખેડૂતો અને શહેરી વસ્તી બંને માટે પાણીની ઉપલબ્ધતા વધારવામાં મદદરૂપ થાય છે.ખેડૂતભાઈ પાલભાઈ અંબાલિયાએ જણાવ્યું કે, સૌની યોજના નર્મદા ડેમના ઓવરફ્લોના પાણીનો ઉપયોગ કરીને સૌરાષ્ટ્રના ડેમો ભરે છે, પરંતુ આ ત્યારે જ શક્ય બને જ્યારે ચોમાસું સારું હોય.




જો ચોમાસું સારું હોય તો ડેમો આપોઆપ ભરાઈ જાય છે, પરંતુ ઓછા વરસાદની સ્થિતિમાં ખેડૂતોને પાક બચાવવા માટે સમયસર પિયતની જરૂર પડે છે. પાલભાઈના મતે, જો સરકાર સમયસર પાણી અને વીજળી પૂરી પાડે તો ખેડૂતોના પાકને નુકસાન થતું અટકે છે. રાજકોટ જિલ્લામાં મુખ્યત્વે કપાસ અને મગફળીનું વાવેતર થાય છે, જેને દર ૧૫થી ૨૦ દિવસે પિયતની જરૂર પડે છે.ખેડૂતોનું કહેવું છે કે સમયસર પાણીની ઉપલબ્ધતા તેમના પાકની સફળતા માટે નિર્ણાયક છે.

### અમદાવાદમાં ૧૨ જૂન ૨૦૨૫ના રોજ થયેલી એર ઈન્ડિયાની ફ્લાઇટ એઆઇ ૧૭૧ની ભયાનક દુર્ઘટનાએ દેશભરમાં શોકની લાગણી ફેલાવી હતી

# અમદાવાદ શહેર વિમાન દુર્ઘટના પીડિતોના પરિવારો બોઇંગ સામે યુએસ કોર્ટમાં કાનૂની લડાઈ શરૂ કરશે

| પ્રતિનિધિ, અમદાવાદ,તા.૮ |

અમદાવાદમાં ૧૨ જૂન ૨૦૨૫ના રોજ થયેલી એર ઈન્ડિયાની ફ્લાઇટ એઆઇ ૧૭૧ની ભયાનક દુર્ઘટનાએ દેશભરમાં શોકની લાગણી ફેલાવી હતી. આ દુર્ઘટનામાં ૨૪૧ લોકોના મોત થયા હતા, જેમાં ૨૩૦ મુસાફરો, ૧૨ ક્રૂ સભ્યો અને જમીન પર રહેલા ૧૯ લોકોનો સમાવેશ થાય છે. હવે આ દુર્ઘટનાના પીડિતોના પરિવારોએ વિમાન ઉત્પાદક કંપની બોઈંગ સામે યુએસ કોર્ટમાં કાનૂની કાર્યવાહી શરૂ કરવાની જાહેરાત કરી છે. આ કેસમાં પીડિતોએ અમેરિકાના પ્રખ્યાત એવિએશન વકીલ માઈક એન્ડ્રૂઝને રાખ્યા છે, જેનાથી બોઈંગની મુશ્કેલીઓ વધવાની શક્યતા છે.એર ઈન્ડિયાની ફ્લાઇટ એઆઇ ૧૭૧, જે બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર હતી, ૧૨ જૂન ૨૦૨૫ના રોજ બપોરે લગભગ ૧:૩૦ વાગ્યે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથકથી લંડનના ગેટવિક એરપોર્ટ માટે ઉડાન ભરી હતી. પરંતુ ટેકઓફના માત્ર ૩૨ સેકન્ડ બાદ વિમાન મેઘાણી નગર વિસ્તારમાં બીજે મેડિકલ કોલેજની હોસ્ટેલ બિલ્ડિંગ પર ક્રેશ થયું હતું. આ ઘટનામાં વિમાનમાં આગ લાગી ગઈ, જેના કારણે ૨૪૨ મુસાફરો અને ક્રૂ સભ્યોમાંથી માત્ર એક જ મુસાફર, વિશ્વાશકુમાર રમેશ (સીટ ૧૧એ), બચી શક્યો હતો, જે દરવાજામાંથી કૂદી પડ્યો હતો. આ દુર્ઘટનામાં ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિત ૬૭ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.પીડિતોના પરિવારોનું કહેવું છે કે બોઈંગના વિમાનમાં ટેકનિકલ ખામીઓ આ દુર્ઘટના માટે જવાબદાર હોઈ શકે છે. તેઓએ યુએસ કોર્ટમાં અરજી દાખલ કરવાની જાહેરાત કરી છે, જેમાં તેઓ કોકપીટ વોઈસ રેકોર્ડર અને ફ્લાઈટ ડેટા રેકોર્ડરના ડેટાની માંગણી કરશે.







લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૯૬૬૨૫ ૧૩૦૬૨
પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

### ગુજરાત રાજ્યના પાલનપુર તાલુકાના

# ચડોતર ગામમાં રક્ષાબંધનના દિવસને અશુભ માનવામાં આવે છે

## લોક વાયકા મુજબ ગામમાં વર્ષો પહેલા ભયંકર રોગ ચાળો ફેલાઈ ગયો હતો જેના કારણે મોટા પ્રમાણમાં લોકો અને પશુઓ ના મોત નિપજ્યા હતા

। પ્રતિનિધિ, પાલનપુર,તા.૮ ।

સમગ્ર ભારતમાં રક્ષાબંધનનું પ વર્ મનાવવામાં આવશે ત્યારે બનાસકાંઠા જીલ્લાનું એક એવું ગામ કે જ્યાં રક્ષાબંધનના દિવસને અશુભ માનવામાં આવે છે અને એક દિવસ પૂર્વે રક્ષાબંધન ઉજવવામાં આવે છે આથી આજે ભાઈને બહેન રાખડી બાંધીને પર્વની ઉજવણી કરી છે એક દિવસ પહેલા રક્ષાબંધન મનાવવા પાછળનું કારણ આપ જાણશો તો દંગ રહી જશો. પાલનપુરથી આઠ કી.મી. દુર આવેલ પાલનપુર તાલુકાના ચડોતર ગામમાં આજે આખા ગામની દીકરીઓ ભાઈને રાખડી બાંધીને એકદિવસ પહેલા જ રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી છે છેલ્લા ૨૦૪ વર્ષથી પરંપરા મુજબ રક્ષાબંધનના આગળના દિવસે ચડોતર ગામમાં ભાઈ-બહેનના પવિત્ર બંધન રક્ષાબંધન મનાવવામાં આવે છે.ચડોતર ગામની લોકવાયકા મુજબ વર્ષો પહેલા આ ગામમાં રોગચાળો ફાટી નીકળ્યો હતો અને મોટા પ્રમાણમાં પશુ અને જાનમાલનું નુકશાન થયું હતું તેની દહેશતના પગલે ગામના લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા હતા. ત્યારે ગ્રામજનોએકત્ર થઈને ગામના પુજારી પાસે ગયા ત્યારે પુજારીએ ચડોતર ગામની સુખ અને સલામતીના રક્ષણ માટે ગામની દીકરીઓને રક્ષાબંધનના એક દિવસ આગાઉ ભાઈને



રાખડી બાંધવાનું સુચન કર્યું હતું. ત્યારથી આ પરંપરા આજે પણ ચડોતર ગામની યથાવત છે. લોક વાયકા મુજબ ગામમાં વર્ષો પહેલા ભયંકર રોગ ચાળો ફેલાઈ ગયો હતો જેના કારણે મોટા પ્રમાણમાં લોકો અને પશુઓ ના મોત નિપજ્યા હતા જેના કારણે ગામ ના લોકો ગભરાઈ ગયા હતા અને ગામના શિવજીના મંદિરમાં એક તપસ્વી સંત પાસે ગયા અને પુરી વાત કરી જેના કારણે પુજારીએ કહ્યું કે આખા ગામ માંથી દૂધ ભેગું કરો અને આખા ગામના દરેક ખૂણે-ખૂણે છાંટી દો જેથી ગામના લોકો એ દૂધ ભેગું કરીને આખા ગામ માં છંટકાવ કર્યો જેના કારણે થોડી જ વાર માં બધુજ શાંત થઈ ગયું ત્યાર બાદ સંતે કહ્યું કે આજ પછી હવે રક્ષાબંધન ના દિવસે આપડા ગામ માં કોઈ બહેન પોતાના ભાઈની કલાઈ પર રાખડી બાંધે નહી ત્યારથી લઈને આજ દિન સુધી ચડોતર ગામમાં ની એક પણ બહેન પોતાના ભાઈને રાખડી બાંધતી નથી. દેશભરમાં ભાઈ-બહેનના પવિત્ર બંધન એવા રક્ષાબંધન ઉજવણી થનાર છે.

## અરવલ્લી જિલ્લામાં ગુજરાત-રાજસ્થાન સરહદના ભેંસલા નજીક અકસ્માતમાં ત્રણ લોકોનાં મોત

। પ્રતિનિધિ, અરવલ્લી,તા.૮ ।

અરવલ્લી જિલ્લામાં ગુજરાત-રાજસ્થાન સરહદ નજીક ભેંસલા નજીક એક ભયાનક અકસ્માત થયો. બાઈક અને ઈકો કાર વચ્ચે થયેલી ટક્કરમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા. મૃતકોમાં બે બાઈક સવાર અને ઈકો કારનો ડ્રાઈવરનો સમાવેશ થાય છે.અકસ્માત એટલો ગંભીર હતો કે ઈકો કાર રસ્તાની બાજુમાં આવેલા નાળામાં પડી ગઈ. એવું જાણવા મળ્યું છે કે મૃતક બાઈક સવાર અને ઘાયલો અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મુલોજ ગામના રહેવાસી હતા. આ ઘટનામાં ઘાયલોને તાત્કાલિક રાજસ્થાનની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. રાજસ્થાન પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો હતો.

## ભાવનગરના કાળાતળાવ ગામમાં વૃદ્ધ ખેડૂત પર નિર્દય હુમલો, પાટીદાર સમાજમાં આક્રોશ

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૮ ।

ભાવનગર જિલ્લાના વલ્લભીપુર તાલુકામાં આવેલા કાળાતળાવ ગામમાં ગુરુવાર, ૭ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સવારે ૧૦ વાગ્યે એક ચોંકાવનારી ઘટના બની, જેણે સમગ્ર પંથકમાં રોષ ફેલાવ્યો છે. ૭૪ વર્ષીય વૃદ્ધ ખેડૂત અરજણભાઈ રામજીભાઈ દિયોરા પર ત્રણ અસામાજિક તત્વો—રાજુ ઉલવા, નાથા રબારી અને મામેયા રબારીએ કોદાળી અને લાકડીથી નિર્દય હુમલો કર્યો હતો. આ ઘટનાએ ગામલોકોમાં આક્રોશ ઉભો કર્યો છે, અને પાટીદાર સમાજે ન્યાયની માગ સાથે એક મોટી જાહેરસભાનું આયોજન કર્યું છે.અરજણભાઈ દિયોરા, જેઓ ધોરણ ૬ સુધી ભણેલા છે અને તેમની પત્ની સાથે કાળાતળાવ ગામમાં રહે છે, તેઓ લિંડિયા નદીમાંથી ટ્રેક્ટરમાં માટી ભરાવી રહ્યા હતા. આ દરમિયાન નાથાભાઈ ભીમાભાઈ ઉલવાએ તેમને માટી ભરવાની ના પાડી અને અભદ્ર ભાષાનો ઉપયોગ કરીને કહ્યું, "આ માટી તારા બાપની છે? કેમ ભરે છે?" અરજણભાઈએ જવાબ આપ્યો કે આ જાહેર નદી છે.

## થોળમાં ગઠિયો ૧૫ લાખની ચિલ્ડ્રન બેન્કની નોટો આબાદ પધરાવી ગયો

। પ્રતિનિધિ, મહેસાણા, તા.૮ ।

કડી તાલુકાના થોળ ગામ પાસે સપ્તાહ અગાઉ મંદિરમાં દાનમાં આવેલી ચલણી નોટ અને પરચૂરણના બદલે ૧૦ ટકા કમિશન આપી રૂ. ૫૦૦ની ચલણી નોટો લેવાની લાલચ આપી ગઠિયો રૂ. ૧૫ લાખની ચિલ્ડ્રન બેન્કની નકલી નોટો પધરાવી ગયો હતો. કડીની રૂદ્રકુટીર સોસાયટીમાં રહેતા મહેન્દ્રભાઈ રતિલાલ પટેલને મહિના અગાઉ વિજાપુરના વસાઈ ડાભલા ખાતે રહેતા મિત્ર જીગર ઠાકોરે ફોન ઉપર વાત કરી હતી કે, માણસાના ગોવિંદપુરા (સમૌ)માં રહેતા પટેલ દશરથભાઈ વિઠ્ઠલભાઈ એક મંદિરમાં ટ્રસ્ટી છે. તેઓ મંદિરમાં આવતી પરચૂરણ રકમ આપી બદલામાં રૂ. ૫૦૦ની ચલણી નોટ લે છે. તેઓ ૧૦ ટકા જેટલું કમિશન પણ આપે છે. લાલચમાં આવી પહેલી વખત મહેન્દ્રભાઈ પટેલે સોસાયટીમાં રહેતા મેઘ હરેશકુમાર પટેલ અને જીગરભાઈના સહયોગથી એક લાખની પરચુરણ કિશોરસિંહ બાપુ નામના શખ્સ પાસેથી મેળવી કમિશન મેળવ્યું હતું.૩૧મી જુલાઈએ પુનઃ કિશોરસિંહ બાપુએ મહેન્દ્રભાઈ પટેલ સહિતના ચાર લોકોને રૂ. ૧૫ લાખની ૫૦૦ની ચલણી નોટો લઈ સાંજે થોળથી શીલજ રોડ પાસે બોલાવ્યા હતા. જ્યાં કારમાં આવેલા દશરથભાઈએ રૂ.૧૫ લાખ લઈ સામે પરચૂરણ અને નોટો ભરેલી બેગ આપી જતા રહ્યા હતા.

### પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો

# કડીના કૈયલમાં ભળતા નામથી પાવર આપી ખેડૂતની જમીનનું બારોબારિયું

। પ્રતિનિધિ, મહેસાણા, તા.૮ ।

કડી તાલુકાના કૈયલ ગામમાં ભળતા નામના શખ્સે ખેડૂતની જાણ બહાર પાવર આપી જમીનનું બારોબારિયું કર્યા હોવાનું કૌભાંડ બહાર આવતાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. આ ઘટનાની સાચા ખેડૂતને થતાં તેઓએ કૌભાંડ આચરનાર પોતાના જ ગામના ભળતા નામ વાળા શખ્સ સહિત છ સામે નંદાસણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ખેડૂતની ફરિયાદના આધારે પોલીસે ઉપરોક્ત તમામ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.કડીના કૈયલમાં પ્રાથમિક શાળાની પાછળ પરિવાર સાથે રહેતા ખેડૂત રમેશભાઈ આત્મારામભાઈ શંકરદાસ પટેલના નામે ગામની સીમમાં આવેલી સર્વે નં. ૫૧૨વાળી સ્વતંત્ર માલિકીની આવેલી હતી. ઉપરોક્ત જમીનનું બારોબારિયું



કરવા ગામના નવેરીવાસમાં રહેતા અને ખેડૂત જેવું ભળતું નામ ધરાવતા રમેશભાઈ આત્મારામ માધવદાસ પટેલે કાવતરૂ રચ્યું હતું.

અંદાજે ૧૦ મહિના અગાઉ આ શખ્સે ગાંધીનગર જિલ્લાના કલોલના વયાણા ગામમાં રહેતા ખોડાજી વેલાજી ઠાકોરને પાવર ઓફ એટર્ની કડીની સબ રજિસ્ટ્રાર કચેરીએ કરી આપી હતી. ત્યારબાદ પાવર લેનાર ખોડાજી વેલાજી ઠાકોરે પોતે જ રૂ. ૩૫.૫૦ લાખમાં આ જમીન વેચાણ દસ્તાવેજના આધારે પોતાના નામે કરાવી લીધી હતી.આજથી છ મહિના અગાઉ સાચા ખેડૂતે પોતાની આ જમીનના ઉતારા કઢાવતા સહમાલિક તરીકે ખોડાજી વેલાજી ઠાકોરનું નામ આવતાં તેઓ ચોંકી ઉઠ્યા હતા. આ અંગે દસ્તાવેજો કઢાવી તપાસ કરાવતા તેમની સાથે કૌભાંડ થયું હોવાનું માલુમ પડ્યું હતું. ત્યારબાદ સાચા ખેડૂતે તેમની જમીનનો ખોટો પાવર કરી અન્યને પધરાવવા કાવતરું રચનાર ગામના રમેશભાઈ આત્મારામ માધવલાલ પટેલ, પાવર લેનાર અને જમીન વેચાણ રાખનાર ખોડાજી વેલાજી ઠાકોર તેમજ સાક્ષી તરીકે સહીઓ કરનાર રવિ દલસુખભાઈ દેસાઈ (કૃષ્ણધામ કોલોની, રેલવે સ્ટેન્ડ નજીક, ચાંદખેડા, અમદાવાદ), ગણેશભાઈ રઘુનાથભાઈ દેસાઈ (શીતલાપરૂ, રામોસણા રેલવે ક્રોસિંગ, મહેસાણા), હાર્દિક રમેશભાઈ આત્મારામ (કૈયલ તા. કડી) તેમજ ભરત મફાભાઈ રબારી (તળાવવાસ, ભાઉપુરા તા. કડી) સામે નંદાસણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

## ઈન્સ્ટાગ્રામ પર સગીરાના ફોટા અપલોડ કરનારા એક તરફી પ્રેમી સામે ફરિયાદ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૮ ।

બાપુનગરમાં સોશિયલ મીડિયા મારફતે મિત્રતા કેળવવાનો કડવો અનુભવ સગીરાને થયો છે. મિત્ર યુવક સગીરાને તેના ફોટોગ્રાફ સોશિયલ મીડિયામાં અપલોડ કરવાની ધમકી આપી સંબંધ રાખવા દબાણ કરતો હતો. સગીરાએ કંટાળીને યુવક સાથે વાતચીત કરવાનું બંધ કરી દેતા પાગલ પ્રેમી ઈન્સ્ટાગ્રામમાં સગીરાના ફોટોગ્રાફ અપલોડ કરી દીધા હતા. આ મામલે સગીરાના પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે.બાપુનગરમાં રહેતા ૪૦ વર્ષીય પિતાએ સગીર દીકરીને ત્રણ વર્ષ સુધી બ્લેકમેઈલ અને બદનામ કરનારા યુવક સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. સગીરાના એક તરફી પ્રેમમાં પાગલ યુવકે ઈન્સ્ટાગ્રામમાં મિત્રતા કેળવી હતી. બાદમાં તેના ફોટોગ્રાફ માગીને બ્લેકમેઈલ કરવા લાગ્યો હતો. સગીરાએ યુવકનો નંબર બ્લોક કરીને તેની સાથે વાતચીત કરવાનું બંધ કરી દીધું હતું. ગુસ્સે ભરાયેલા યુવકે સગીરાના નામથી ઈન્સ્ટાગ્રામમાં ફેક આઈડી બનાવ્યું અને તેમાં તેના ફોટાગ્રાફ અપલોડ કરી દીધા હતા. પાગલ પ્રેમી સગીરાને મળવા દબાણ કર્યા કરતો હતો. ગભરાયેલી સગીરા યુવકને ગાર્ડનમાં મળવા માટે પહોંચી ત્યાં યુવકે તેના ફોટા પાડયા હતા.

## મોતના કૂદકા લગાવી રહી છે ગુજરાતની દીકરીઓ, ૧૫ દિવસમાં ૪એ જીવ લીધો

। પ્રતિનિધિ, સુરત,તા.૮ ।

ગુજરાતમાં સગીર સંતાનોમાં આપઘાતના કિસ્સા વધી રહ્યાં છે. ત્યારે આજે વધુ એક દીકરીએ મોતની છલાંગ લગાવી. સુરતમાં આજે ધોરણ-૧૦ની વિદ્યાર્થિનીએ છઠ્ઠા માળેથી કૂદીને મોત વ્હાલુ કર્યું. સગીરા ઘરેથી ૪ કિમી દૂર બાંધકામ સાઈટના છઠ્ઠા માળે પહોંચી, સિક્યોરિટી ગાર્ડે જોઈને બૂમો પાડી છતાં કૂદી ગઈ હતી. ધોરણ ૧૦માં અભ્યાસ કરતી એક ૧૬ વર્ષીય અશ્વિતા ડામોર નામની વિદ્યાર્થિનીએ પોતાના ઘરેથી આશરે ૪ કિલોમીટર દૂર એક બાંધકામ સાઈટ પર જઈને છઠ્ઠા માળેથી કૂદી જીવન ટૂંકાવી લીધું છે. ૭ ઓગસ્ટ, ૨૦૨૫ની સાંજે અશ્વિતાએ પરિવારને કહ્યું હતું કે તે ટ્યુશનથી આવી છે અને હવે તેની બહેનપણીના ઘરે જઈ રહી છે. પરંતુ,રાત્રે ૮ વાગ્યા સુધી પરત આવી નહોતી અને મોબાઈલ ફોન બંધ આવતા પરિવાર ચિંતિત થયો. રાત્રે ૧૧ વાગ્યા સુધી રાહ જોયા બાદ આખરે પરિવારે ભેસ્તાન પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તાત્કાલિક સગીરાનું લોકેશન ટ્રેસ કરવાની શરૂઆત કરી હતી. જેમાં પોલીસ શોધતી શોધતી બાંધકામ સાઈટ પર પહોંચી હતી. અહીં અસ્વિતાનો મૃતદેહ બાંધકામ સાઈટ પર પડ્યો હતો. પોલીસ દ્વારા તાત્કાલિક પરિવારને જાણ કરવામાં આવી, જેથી આખો પરિવાર ત્યાં પહોંચી ગયો હતો.



આગામી ૧ સપ્ટેમ્બરથી ૭ સપ્ટેમ્બર સુધી ભાદરવી પૂનમ મહામેળો ૨૦૨૫

# ગુજરાતમાં ભાદરવી પૂનમના દિવસે બપોરે ૧૨:૩૦ પછી શ્રદ્ધાળુઓને યાત્રાધામ અંબાજીમાં દર્શન કરવા નહીં મળે

## ભાદરવી પૂનમના મેળામાં ૧૬૨૪ સંઘો રજીસ્ટર થયેલા છે જે મેળા દરમ્યાન અંબાજી આવશે




। પ્રતિનિધિ, અંબાજી,તા.૮ ।

યાત્રાધામ અંબાજીમાં આગામી ૧ સપ્ટેમ્બરથી ૭ સપ્ટેમ્બર સુધી ભાદરવી પૂનમ મહામેળો ૨૦૨૫ યોજાનાર છે. ગુજરાત સરકારના માર્ગદર્શન હેઠળ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, જિલ્લા વહીવટી તંત્ર બનાસકાંઠા અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીના સંયુક્ત ઉપક્રમે ભાદરવી પૂનમ મહામેળો ૨૦૨૫ આયોજન કરવામાં આવેલ છે.

અંબાજી ખાતે ભાદરવી પુનમીયા સંઘની બેઠક યોજાઈ હતી. કેબિનેટ મંત્રી બળવંત સિંહ રાજપૂત આ મીટિંગમાં પહોંચ્યા હતા. આ સિવાય બનાસકાંઠા કલેકટર, એસ પી મંદિર વહીવટદાર સહીત સમગ્ર વહીવટી તંત્ર ઉપ સ્થિત રહ્યું હતું. જેમાં અનેક મુદ્દા પર ચર્ચા થઈ હતી. ભાદરવી પૂનમના મેળામાં ૧૬૨૪ સંઘો રજીસ્ટર થયેલા છે જે મેળા દરમ્યાન અંબાજી આવશે. દર્શનનો સમય સવારે ૬ વાગ્યાથી રાતે ૧૨ વાગે સુધી મેળા દરમ્યાન ખુલ્લું રખાશે.

ભાદરવી પૂનમના દિવસે ચંદ્ર ગ્રહણ હોવાથી બપોર ૧૨:૩૦થી ગર્ભગૃહ બંધ કરીને જાળીમાંથી દર્શન થશે. ભાદરવી પૂનમના દિવસે સાંજે ૫ વાગ્યાં બાદ ચંદ્ર ગ્રહણના લીધે સંપૂર્ણ બંધ કરી દેવામાં આવશે. હમણાં સુધી ૩૦૩ સેવા કેમ્પની નોંધણી થઈ ચુકી છે. સમગ્ર અંબાજીમાં CCTV કેમેરા લગાવીને ૨૪ કલાક બાજ નજર રાખવામાં આવશે. રાત્રીના સમય ભક્તોને તકલીફ ના પડે તે માટે માકણચમ્પા, અંબાઘાટા, વિરમપુર રોડ, અને આબુરોડના રસ્તા પર સ્ટ્રીટ લાઈટ લગાડશે. વૃદ્ધ અને દિવ્યાંગ માટે અલાયદી દર્શન વ્યવસ્થા રાખવામાં આવશે, જેમાં ગોલ્ફ કાર્ટનો ઉપયોગ કરવામાં આવશે.

અંબાજી ખાતે સમીક્ષા બેઠકમાં યાત્રાળુઓની સલામતી, સુરક્ષા, એસ.ટી બસ, ઈલેક્ટ્રિસિટી, ક્રાઉડ મેનેજમેન્ટ, પીવાનું પાણી, હંગામી વિસામા, ભોજન, સફાઈ, આરોગ્ય, સેનિટેશન, ફાયર સેફટી વગેરે બાબતો પર ચર્ચા કરીને જરૂરી માર્ગદર્શન અને સૂચનો કરાયા હતા. ભાદરવી પૂનમ મહામેળો ૨૦૨૫ માટે વિશેષ સફાઈ, ભીડ નિયંત્રણ જેવી બાબતો પર ખાસ ભાર મુકવામાં આવ્યો હતો.

ભાદરવી પૂનમના મહામેળાને લઈને કોઈ પણ પ્રકારની અગવડતા ન પડે તેમ જ તમામ ભક્તો શાંતિપૂર્વક દર્શન કરી શકે તે માટેની વિવિધ વ્યવસ્થાઓ કરી દેવામાં આવી છે. આવવા જવા માટે વાહનો અને તે વાહનોનું યોગ્ય પાર્કિંગ પણ કરવા સહિત તેમની સુરક્ષા માટે પોલીસ CCTV કેમેરા વગેરેની વ્યવસ્થાઓ પૂર્ણ કરી દેવાઈ છે.

અંબાજી ખાતે ભાદરવી પુનમીયા સંઘની બેઠક યોજાઈ હતી. કેબિનેટમંત્રીબળવંતસિંહરાજપૂતઆમીટિંગમાં પહોંચ્યા હતા. આ સિવાય બનાસકાંઠા કલેકટર, એસ પી મંદિર વહીવટદાર સહીત સમગ્ર વહીવટી તંત્ર ઉપસ્થિત રહ્યું હતું.

મોરબીમાં ટ્રિપલ અકસ્માતમાં

# કન્ટેનર-ટેન્કર અને કાર વચ્ચે ભીષણ ટક્કર : ચાર લોકોના મોત

। પ્રતિનિધિ, મોરબી, તા.૮ ।

મોરબીના માળિયામાં સુરજબારી ટોલનાકા નજીક ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો. જેમાં ૪ લોકોના મોત થયા છે. અહીં અકસ્માતમાં બે ટ્રક અને અર્ટિગા કાર અથડાઈ હતી. વાહન અથડાતાની સાથે જ ભયાનક આગ લાગી હતી જેમાં ઘટનાસ્થળે જ ૪ લોકોના મોત નિપજ્યા હતા. મૃતકોમાં ટ્રક ડ્રાઈવર અને ક્લિનર સહિત કારમાં સવાર બે લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. જોકે, કારમાં સવાર પાંચ બાળકો સહિત સાત ફસાયેલો લોકોને સુરક્ષિત બહાર કાઢી બચાવી લેવાયા હતા. હાલ, તમામ ઈજાગ્રસ્તોની સામખિયાળી હોસ્પિટલ ખાતે સારવાર ચાલી રહી છે. મળતી માહિતી અનુસાર, માળિયા સૂરજબારી પુલ પર એક કન્ટેનર પલટી મારી ગયું હતું. જેથી પાછળ આવતી ટ્રકે લેન બદલવાનો પ્રયાસ કર્યો, આ દરમિયાન પાછળ આવતી કાર ટ્રક સાથે અથડાતા બંને વાહનોમાં ભયાનક આગ લાગી હતી. ટ્રકમાં અને કારમાં સવાર ૨-૨ લોકો મોત થયા છે. આ સિવાય, સાત લોકોનું રેસ્ક્યુ કરાયું હતું અને ઈજાગ્રસ્ત લોકોને સારવાર માટે સામખિયાળી હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યાં છે. ઈજાગ્રસ્તોની સ્થિતિ પણ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે, જેથી આ ઘટનામાં મૃત્યુઆંક વધે તેવી શક્યતા સેવાઈ રહી છે.ઘટનાની જાણ થતા મોરબી અને ભચાઉ ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળ પર પહોંચી હતી.

## સાતમ-આઠમ માટે વતન જઈ રહેલા વિદ્યાર્થીઓ કારમાં જ ભડથુ થઈ ગયા

। પ્રતિનિધિ, મોરબી,તા.૮ ।

મોરબીમાં સુરજબારી પુલ પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કાર અને ટ્રક વચ્ચે અકસ્માત થતાં ૪ના કરૂણ મોત નિપજ્યા છે. કારમાં સવાર બે વિદ્યાર્થીઓ અને બે ટ્રક ડ્રાઈવરના મૃત્યુ થયા છે. કારમાં સવાર ૫ વિદ્યાર્થીઓ ઈજાગ્રસ્ત થતાં હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે. ૭ વિદ્યાર્થીઓ જૂનાગઢમાં આહિર બોર્ડિંગમાં અભ્યાસ કરતાં હતાં, જેઓ સાતમ-આઠમના તહેવાર નિમિતે પોતાના વતન ગાંધીધામ જઈ રહ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, મોરબીમાં સુરજબારી પુલ પર એક ટેક્કર પલટી જતાં પાછળ આવતું ટેક્કર લેન બદલવા જતું હતું, તે દરમિયાન પાછળ આવતી અર્ટીગા કાર ધડાકાભેર અથડાતાં ગંભીર અકસ્માત થયો. હાલ ટ્રક ડ્રાઈવર અને ક્લીનરની ઓળખ કરવા માટેની તપાસ ચાલુ છે. મૃતકોના મૃતદેહને પંચનામું કર્યા બાદ પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવશે. માળીયા મીયાણા તાલુકાના હરીપર ગામથી આગળના ભાગમાં સૂરજબારી પુલ પહેલા કન્ટેનર પલ્ટી મારી ગયું હતું, જેમા ટ્રેલર અથડાયું હતું અને તેની સાઈડમાં અર્ટિકા ગાડી અથડાઈ હતી,

## વેજલપુરમાંથી વધુ એક વાર બોગસ ચલણી નોટો સાથે મહિલા ઝડપાઇ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૮ ।

ફરી એક વખત અમદાવાદમાં બનાવટી ચલણી નોટો ફરતી કરવાનું ષડયંત્ર પોલીસે ખુલ્લુ પાડ્યું છે. એસઓજીના ઈન્સ્પેક્ટર વી.એચ. જોષી અને એફ.એન. બેલીમે વેજલપુર સાવન હોલ પાસેથી એક મહિલાને રૂપિયા ૫૦૦ના દરની ૨૭ બનાવટી નોટો સાથે ઝડપી લીધી હતી. પૂછપરછમાં તેને કેટલાક લોકોએ આ નોટો બજારમાં ફરતી કરવા માટે આપી હતી. પોલીસે હાલ આ તત્ત્વોને ઝડપી લેવાની કવાયત આદરી છે. બીજી તરફ એક જ સિરીઝ નંબરની ત્રણ -ત્રણ નોટો મળી આવતાં આ નોટો ક્યાંથી દેશમાં ઘૂસાડવામાં આવતી હતી તેની પાણ તપાસ ચાલી રહી છે.અમદાવાદ ક્રાઈમ બ્રાંચની ટીમે ગુનેગારોને ઝડપી લેવા માટે ખાસ કવયાત શરૂ કરી છે. ત્યારે જ એસઓજીના ઈન્સ્પેક્ટર જોષી તથા બેલીમને માહિતી મળી હતી કે એક મહિલા બનાવટી ચલણી નોટો બજારમાં ફરતી કરી રહી છે. જેને પગલે પોલીસે વેજલપુર જઈને આ મહિલાને ઝડપી લીધી હતી. પ્રાથમિક પૂછપરછમાં મહિલાએ પોતાનું નામ સમરા સમીરખાન રહેમાન પઠાણ (રહે. જિન્નત રેસિડેન્સી, ફતેવાડી કેનાલ પાસે, વેજલપુર) હોવાનું જણાવ્યું હતું. મહિલા પાસેથી પોલીસને ૫૦૦ના દરની ૨૭ બનાવટી નોટો મળી આવી હતી. બનાવટી નોટો ક્યાંથી લાવવામાં આવતી હતી જે અંગે પૂછતાં મહિલાએ જણાવ્યું હતું કે આ નોટો તેને સ્થાનિક વિસ્તારના કેટલાક લોકો આપતા હતા. બજારમાં બનાવટી નોટો ફરતી કરવા બદલ તેને કમિશન મળતું હતું. પોલીસે હવે દેશમાં બનાવટી નોટો ફરતી કરનાર તત્ત્વોને ઝડપી લેવા કવાયત આદરી છે. બીજી તરફ આ બનાવટી ચલણી નોટો કેવી રીતે દેશમાં ઘૂસાડવામાં આવી રહી છે. તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસે જે બનાવટી ચલણી નોટો કબજે લીધી હતી.







## તંત્રી લેખ..

# માતૃત્વ પ્રત્યે લોકાચાર

સમાજમાં મહિલાઓને આપવામાં આવતા સન્માનને લઈને નારા તો ખુબ લગાવવામાં આવે છે પરંતુ માતૃત્વના પ્રત્યે તે સંવેદનશીલતા લોકાચારમાં જોવા મળી રહી નથી જેની અપેક્ષા તમામ લોકો હમેંશા કરતા રહે છે. માતૃત્વ અવકાશ અને સંવેદનહીનતાની સ્થિતી પ્રવર્તી રહી છે. નોકરી કરતી મહિલાઓને માતૃત્વ સુરક્ષા અને પૌષણ માટે આરામ, સંતુલિત ભોજન અને ટેન્શનમુક્ત માહોલની જરૂર હોય છે પરંતુ અમારા દેશમાં આનો કેટલો અભાવ રહેલો છે તે બાબત નવજાત શિશુના મોતના આંકડાથી પણ જાણી શકાય છે. ખાસ કરીને નોકરી કરતી મહિલાઓ ગર્ભવતી થવાની સાથે જ તેના માટે નોકરીનુ સ્થળ નફા નુકસાન પર આધારિત એવુ સ્થાન બની જાય છે કે જ્યાં રજા લેવાની બાબત તેના માટે અભિશાપ સમાન બની જાય છે. સાથે સાથે પરત નોકરી પર ફરવાની બાબત તેના માટે ધુંધળી બની જાય છે. તાજેતરમાં જ કર્મચારીઓને મળનાર સુવિધાને લઈને ભારે ચર્ચા જામી હતી. કર્મચારીઓને મળનાર સુવિધા પર કામ કરનાર સંસ્થા ટીમલીઝના ૩૦૦ કંપનીઓને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસના તારણ જારી કરવામાં આવ્યા હતા. તેના અભ્યાસ બાદ જે સર્વેના તારણ જારી કરવામાં આવ્યા છે તે તમામ લોકોની આંખ ખોલે તેવા રહ્યા છે. તેના મુજબ વર્ષ ૧.૬ ટકાથી ૨.૬ ટકા મહિલાઓની નોકરી જઈ શકે છે. અથવા તો ૧૧ લાખથી ૧૮ લાખ મહિલાઓની નોકરીમાંથી હકાલપટ્ટી કરવામાં આવી શકે છે. જો કે વર્ષ ૨૦૧૮માં ભારતમાં નોકરી કરતી મહિલાઓમાટે કાર્યના સ્થળ પર સાનુકુળ વાતાવરણ સર્જવા અને તેના પરિવારની જવાબદારીની વચ્ચે સંતુલન જાળવવા માટે કાયદામાં ફેરફાર કરવામાં આવ્યા હતા. કાયદામાં ફેરફારો કરીને પ્રસુતિ રજાની અવધિ વધારી દેવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આને દેશ માટે મોટી સિદ્ધી તરીકે ગણાવીને કહ્યુ છે કે તેમના મનને ખુબ શાંતિ થઈ રહી છે. પોતાના મન કી બાત કાર્યક્રમમાં મોદી આ અંગેની વાત કરી ચુક્યા છે. ભારતમાં મહિલા કર્મચારીઓની સંખ્યા ૨૦૦૫માં ૩૭ ટકા હતી જે ઘટીને ૨૦૧૩માં ૨૭ ટકા થઈ ગઈ હતી. વધવાના બદલે મહિલા કર્મચારીઓની સંખ્યામાં ઘટવાની બાબત ચોક્કસપણે ચિંતાજનક છે. આઠ વર્ષમાં ૧૦ ટકાના ઘટાડાને કામકાજ કરતી મહિલાની જવાબદારીની સાથે જોડીને જોવામાં આવે છે. વડાપ્રધાન મોદીની આશાની બિલકુલ વિરુદ્ધમાં આ કાયદો નોકરી કરતી મહિલાઓની પરેશાની માટે કારણ બની ગયુ છે. કામકાજી મહિલાઓને માતૃત્વ સુરક્ષા અને પૌષણ માટે આરામ, સંતુલિત ભોજન અને ટેન્શનફ્રી માહોલની જરૂર હોય છે.

# ૧૧.૮ ટકા ભારતીય ડાયાબિટીગ્રસ્ત

દેશમાં ૫૦ વર્ષ અથવા તો વધારે વયના ૧૧.૮ ટકા ભારતીય હાલમાં ડાયબિટીસથી ગ્રસ્ત છે. નેસનલ ડાયપિટીસ એન્ડ ડાયબિટિક રેટિનોપેથી સર્વેમાં આ મુજબની માહિતી સપાટી પર આવી છે. વર્ષ ૨૦૧૫-૨૦૧૯ વચ્ચેના ગાળામાં આ આંકડો સપાટી પર આવ્યો છે. આ સર્વેની કામગીરી રાજેન્દ્રપ્રસાદ સેન્ટર ફોર ઓપ્થલમિક સાયન્સ દ્વારા જારી કરવામાં આવ્યો છે. સર્વેમાં ડાયાબિટીસ સંબંધિત રેટિનોપેથીને લઈને પણ મુલ્યાંકન કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં જાણવા મળ્યુ કે ૫૦ વર્ષથી વધુની વયના ૧૬.૯ ટકા લોકો ડાયાબિટિક રેટિનોપેથીથી ગ્રસ્ત છે. દેશમાં ૭૦થી ૭૯ વર્ષની વચ્ચેના લોકો આ બિમારીથી સૌથી વધારે અસરગ્રસ્ત છે. ૩.૮ ટકા જેટલા નવા મામલા સપાટી પર આવ્યા છે. ૧૨ ટકા પુરૂષો ડાયાબિટીસથી ગ્રસ્ત છે. આવી જ રીતે ૧૧.૭ ટકા મહિલાઓ આ બિમારીથી ગ્રસ્ત છે. ૧૧.૮ ટકા મામલા હળવા રેટનોપેથીના છે. સાત ટકા મામલા ડાયબિટિક મેકુલોપેથીના છે. ૩.૬ ટકા મામલા દ્રષ્ટિ સંબંધિત ડાયબિટિક રેટિનાપેથીના રહેલા છે. ૨.૧ ટકા ડાયાબિટીસના દર્દી અંધ છે. બીજી બાજુ વિશ્વ આરોગ્ય સંગઠના કહેવા મુજબ ભારતની વસ્તીમાં આશરે સાત કરોડની આસપાસ લોકોને ડાયાબિટીસની તકલીફ રહેલી છે. વૈશ્વિક ડાયાબિટીસના આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આ આંકડા ભારત માટે પણ સારા દેખાઈ રહ્યા નથી. નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં સાત કરોડથી વધારે ડાયાબિટીસના દર્દીઓ છે. તેમાં ગયા વર્ષની સરખામણીમાં ઉલ્લેખનીય વધારો થયો છે. વર્ષ ૨૦૩૦ સુધી ભારતમાં ડાયાબિટીસનો આંકડો ૧૦૦ મિલિયનના આંકડાને પાર કરી જાય તેવી શક્યતા છે. અગાઉ ૮૭ મિલિયનનો આંકડો મૂકવામાં આવ્યો હતો. ભારતમાં મોતનો આંકડો પણ વધારે છે. આ વર્ષે ડાયાબિટીસના કારણે ૯૮૩૦૦૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેસન (આઈડીએફ) દ્વારા આંકડા જારી કરી દેવામાં આવ્યા છે.

આઈડીએફએ કહ્યું છે કે ભારતમાં ૨૦થી ૭૯ વર્ષની વયમાં ડાયાબિટીસના દર્દીઓનો આંકડો સૌથી વધારે છે. ભારત ચીન બાદ એવું બીજું દેશ છે જેમાં આંકડો ખૂબ વધારે છે. ભારતમાં આવનાર દેશોમાં આ સમસ્યા વધુ ગંભીર બની શકે છે. ભારતમાં ટાઈપ-૧ ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા પણ ૧૧૨૦૦૦ની આસપાસ છે. આંકડા ચિંતાજનક છે કારણ કે ડાયાબિટીસની સમસ્યા હવે નિયમિત સારવારથી થઈ શકે છે. આઈડીએફના જણાવ્યા મુજબ આ વર્ષે ડાયાબિટીસ ગ્રસ્ત લોકોની કુલ સંખ્યા ૩૬૬ મિલિયનની આસપાસ રહી છે જેમાં ૪.૬ મિલિયનના મોત થયા છે. આરોગ્ય સંભાળ દ્વારા ડાયાબિટીસ ઉપર ખર્ચ ૪૬૫ અબજ ડૉલર સુધી પહોંચી ગયો છે. નવા આંકડા સંકેત કરે છે કે ડાયાબિટીસથી ગ્રસ્ત લોકોની સંખ્યા આ વર્ષે ૩૬૬ મિલિયનથી વધીને વર્ષ ૨૦૩૦ સુધી ૫૫૨ મિલિયન સુધી પહોંચી જશે. જો પૂરતા પગલાં લેવામાં નહીં આવે તો સ્થિતિ વધુ ગંભીર બનશે.

**વિશેષ**
**બલિદાનની શૌર્યગાથા**

**મારી માટી, મારો દેશ અભિયાન : અમદાવાદ જિલ્લો**

**સાણંદ તાલુકાના તાજપુર ગામના નરબંકાઓએ અંગ્રેજોની માફી માગવાને બદલે સામી છાતીએ ગોળી ઝીલી મોતને વહાલું કરેલું. શહીદ વીરોની શૌર્યગાથાનું યશોગાન કરતી ખાંભીઓ તાજપુર ગામે આજે પણ અડીખમ છે.**

# માતૃભૂમિ માટે અમદાવાદના શહીદ રત્નો શ્રી રંગાજી અને રત્નાજી ઠાકોરના બલિદાનની શૌર્યગાથા

**ભારત માતાના વીર ક્રાંતિકારી પુત્રોએ છેડેલા બળવાથી ગોરાઓ હચમચી ગયા હતા. અને પછી તેમના સ્વભાવ પ્રમાણે ભારતીય સામે ભારતીયને લડવા માટે ઊભા કરી દેવાની ચાલ ગોઠવી.**



ભારત ભૂમિ અને વીર શહીદો સમક્ષ નતમસ્તક થવાની એક ગૌરવપૂર્ણ તક એટલે 'મારી માટી, મારો દેશ' અભિયાન. ભારતની આઝાદીના સુવર્ણ ઈતિહાસને સમજવા અને અનુભવવા માટે આ અભિયાન સ્વરૂપે આપણને સર્વોત્તમ તક મળી છે. ભારત અને ભારતીયો પર શાસન કરવાની અંગ્રેજોની દમનકારી નીતિ વિરુદ્ધ એક આગ અમદાવાદના સાણંદ તાલુકાના તાજપુર ગામે પણ ભડકી હતી. અને ત્યારબાદ આ આગ દાવાનળ થઈ વિસ્તરી અને અંગ્રેજી હકુમતના પાયાઓને લપેટી રાખ કરી દીધા હતા. આવો એ યશગાથાના શબ્દસાક્ષી બનીએ. વર્ષ હતું ૧૮૫૭નું કે જ્યારે સ્વાતંત્ર્ય સંગ્રામની ચળવળ દેશભરમાં વિસ્તરી ચૂકી હતી. અંગ્રેજી હકુમતને પહેલીવાર એવું લાગતું હતું કે ભારત છોડવું પડશે. ભારત માતાના વીર ક્રાંતિકારી પુત્રોએ છેડેલા બળવાથી ગોરાઓ હચમચી ગયા હતા. અને પછી તેમના સ્વભાવ પ્રમાણે ભારતીય સામે ભારતીયને લડવા માટે ઊભા કરી દેવાની ચાલ ગોઠવી.

અંગ્રેજ અફસર મિસ્ટર ટેલરે અમદાવાદના સૂબા સલામત ખાનને હુકમ કર્યો કે, ક્રાંતિકારીઓના બળવાને ડામવા તમારા દેશી સૈનિકોનો એક કાફલાને મોકલો. દરેક લશ્કરનો વડો અંગ્રેજ હતો. અને સૈનિકો ભારતીય હતા. અંગ્રેજ અફસરના હુકમ અનુસાર દેશી લશ્કર દોરાતું હતું. એ વખતે સૂબાના લશ્કરમાં સાણંદ તાલુકાના તાજપુર ગામના બે વીરો રત્નાજી ઠાકોર અને રંગાજી ઠાકોર નોકરી કરતા હતા. આ બન્ને ભાઈઓને અંગ્રેજોની મેલી મુરાદની ગંધ આવતાં જ તેમણે સાથી જવાનોને આહવાન કર્યું કે, આપણા જ ભાઈઓ સામે આપણે લડવાનું કહેવામાં આવે છે. કારણ કે આપણે દેશદાઝ અને સ્વમાન ભૂલી ગયા છીએ. વળી રત્નાજી ઠાકોરે વાત કરી કે, મોઢેથી તોડવામાં આવતી કારતૂસો ઉપર ગાય અને ડુક્કરની ચરબીનું આવરણ છે. તેથી આપણે ભ્રષ્ટ થઈ રહ્યા છીએ. જેના કારણે ટુકડીના અન્ય સભ્યોમાં રોષ ભભૂકી ઊઠ્યો. આ વાત ધીરે ધીરે દેશના અન્ય વિસ્તારોમાં પણ ફેલાઈ. જેના કારણે દેશી સૈનિકોએ અંગ્રેજી હકુમત વિરુદ્ધ બંડ પોકાર્યું. એ વખતે મિ.ટેલરે રત્નાજી અને રંગાજી ઠાકોરને બીજા દેશી સૈનિકો સાથે અન્ય પ્રદેશમાં લડવા જવાનું ફરમાન કર્યું. પરંતુ અમે અમારા જ ભાઈઓ સામે શસ્ત્રો નહીં ઉઠાવીએ તેવા નિર્ધાર સાથે રત્નાજી અને રંગાજી ઠાકોરની આગેવાનીમાં અમદાવાદના સૂબાના સૈન્યમાંથી ૧૧ જવાંમર્દોએ અંગ્રેજો વિરુદ્ધ માથું ઊંચક્યું. આ દેશપ્રેમીઓએ અંગ્રેજોની ગુલામીની ધૂંસરી ફગાવી દીધી. અને મોતને મુઠ્ઠીમાં લઈને ભાગી છૂટ્યા. રત્નાજી ઠાકોર તાજપુર ગામના વતની હતા તેથી છેલ્લે તેમણે પરિવારજનો અને ગામ લોકોને મળવાનું નક્કી કર્યું. તેઓ ગંગાજી અને અન્ય પાંચ સૈનિકો સાથે તાજપુર આવ્યા અને બીજા ક્રાંતિકારીઓ તેમનાથી છૂટા પડ્યા.

મિ.ટેલરે ધોળકાના કેપ્ટન મિ. પામને આ ક્રાંતિકારીઓને તાત્કાલિક ઝડપી લેવા હુકમ કર્યો. અને પોતે પણ આ સૈનિકોની પાછળ પડ્યો. જેથી ક્રાંતિકારીઓ ચારેય બાજુએથી ઘેરાઈ ગયા. તાજપુર ગામે ઘેરાયેલા ક્રાંતિકારીઓ અંગ્રેજ અધિકારીઓના હાથમાં આવી ગયા. રત્નાજી અને રંગાજી સહિતના ક્રાંતિકારીઓને ઘેરીને હથિયાર હેઠા નાખી દેવા આદેશ કર્યો. અંગ્રેજ અધિકારીએ કહ્યું માફી માગી માગો અને અમારી સાથે અમદાવાદ ચાલો. પરંતુ વીરોએ મચક ન આપી. મોકો જોઈને રત્નજીએ મિ.ટેલરના હાથમાંથી બંદૂક આંચકી તેના તરફ જ ગોળી છોડી. નસીબજોગે મિ.ટેલર બચી ગયો પણ તે જ સમયે બીજી ગોળી એન્ડરસનની બંદૂકમાંથી છૂટી અને રત્નાજીની છાતી સોંસરવી નીકળી ગઈ. અંગ્રેજોએ એકબાદ એક ક્રાંતિકારીઓની બેરહેમીથી હત્યા કરી. એ દિવસે તાજપુરનું પાદર વીરોના ધગધગતા લોહીથી રંગાઈ ગયું.

અંગ્રેજોની માફી માગવાનું તો દૂર રહ્યું પણ આ નરબંકાઓએ મા ભારતી અને આત્મસન્માન ખાતર સામી છાતીએ ગોળી ઝીલી મોતને ભેટવાનું પસંદ કર્યું. આ તમામ ભડવીરોના નશ્વર દેહ તાજપુરના પાદરમાં પડ્યા પણ તેમના બલિદાનથી પ્રજ્વલ્લિત થયેલી સ્વતંત્રતાના અગ્નિએ દેશભરમાં અંગ્રેજોને દઝાડી મૂક્યા. આ શહીદ વીરોની શૌર્યગાથાનું યશોગાન કરતી ખામ્ભીઓ આજે પણ તાજપુર ગામે અડીખમ ઊભી છે. અમદાવાદ સહિત ગુજરાતના સહુ નાગરિકો તરફથી રત્નાજી અને રંગાજી ઠાકોરના ચરણે શત શત નમન.

**- વિવેક,**
**પ્રાદેશિક માહિતી કચેરી- અમદાવાદ**



**સક્સેસ ફંડા : સપના પૂર્ણ કરવા માટે મહેનત-ટાર્ગેટ ખુબ જરૂરી**

**યોગ્ય પ્લાનિંગની સાથે કામ કરવામાં આવે તો જરૂરી છે જો આવુ કરવામાં આવશે તો સફળતા તમામ ચરણને સ્પર્શ કરી શકે છે કહેવત છે કે ડરની આગળ જીત છે લાઇફમાં માનવીને હમેંશા પોતાની વિચારધારાની મર્યાદાને મોટી રાખવાની જરૂર હોય છે**

# સફળતા માટે ડરને બિલકુલ દુર કરો

**બિલ ગેટ્સે પોતાના ઘરની પાછળના રૂમથી બિઝનેસની શરૂઆત કરી હતી : કલામ લોકોને ઘરે ઘરે જઇને અખબાર પહોંચાડતા હતા**



જો તમે જીવનમાં એક સફળ વ્યક્તિ બનવા માટે વિચારી રહ્યા છો તો સૌથી પહેલા તો પોતાના સપનાને જીવવા માટે શરૂ કરવાની જરૂર છે. મનના દરેક ડરને દુર કરવાની જરૂર છે. નિષ્ફળતાને લઈને ચિંતા કરવાની કોઈ જરૂર નથી. યોગ્ય પ્લાનિંગની સાથે કામ કરવામાં આવે તો જરૂરી છે. જો આવુ કરવામાં આવશે તો સફળતા તમામ ચરણને સ્પર્શ કરી શકે છે. કહેવત છે કે ડરની આગળ જીત છે. લાઈફમાં માનવીને હમેંશા પોતાની વિચારધારાની મર્યાદાને મોટી રાખવાની જરૂર હોય છે. કહેવામાં આવે છે કે કોઈ પણ લક્ષ્ય માનવીના સાહસથી મોટા નથી. એ જ વ્યક્તિ હારી જાય છે તે વ્યક્તિ ક્યારેય લડતી નથી.

ખુબ ઓછા લોકો જાણે છે કે દુનિયાના સૌથી અમીર વ્યક્તિ બિલ ગેટ્સે પોતાના ઘરની પાછળના રૂમથી બિઝનેસની શરૂઆત કરી હતી. પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામે પણ ઘરે ઘરે જઈને અખબાર લોકોને આપવા માટેનુ કામ કર્યુ હતુ. રાઈટ બ્રધર્સના પણ એરોપ્લેનના પ્રોટોટાઈપ પહેલા કેટલીક વખત ફ્લોપ થઈ ગયા હતા. પરંતુ આ તમામની વિચારધારા ખુબ ઉંચી હતી. વિચારો ઉંચા હતા. સપના ઉંચા હતા. સાથે સાથે સખત પરિશ્રમની તાકાત હતી. કઈ કરી બતાવવાની ઈચ્છાશક્તિ તેમનામાં ભરેલી હતી. એવુ નથી કે તેમને કોઈ ચીજના ડર ન હતા. નિષ્ણાંત લોકો કહે છે કે પ્લાનની સાથે જો આગળ વધવામાં આવશે તો ડર નહીં બલ્કે મંજિલ સામે જોઈ શકાશે. જો તમે કોઈ સપના જોઈ રહ્યા છો અને કોિ પણ પ્લાનિંગ વગર તમે કોઈ સપનાની પાછળ દોડી રહ્યા છો તો એક દિવસે હતાશા જ હાથ લાગનાર છે. જેથી સૌથી પહેલા હકીકતને સમજીને લઈને તેના મુજબ આગળ વધવા માટેની રણનિતી તૈયાર કરવામાં આવે તે જરૂરી છે. ત્યારબાદ તેના અનુરૂપ સપનાને સાકાર કરવા માટે પ્રયાસ પૂર્ણ તાકાત સાથે કરવાની જરૂર હોય છે.

જો તમે કોઈ ઉંચા પર્વતના શિખરને સ્પર્શ કરવા માટે ઈચ્છુક છો તો પહેલા પર્વતારોહણની ટ્રેનિંગ લેવાની જરૂર હોય છે. ત્યાંના હવામાન સહિતની તમામ બાબતો અંગે માહિતી મેળવી લેવી પડશે. ત્યાંની માટી જીવજતુ સહિતની ચીજો અંગે માહિતી મેળવી લેવી પડશે. આવી જગ્યાએ કામમાં આવનાર સાધનોની માહિતી પણ મેળવી લેવી પડશે. સૌથી મહત્વપૂર્ણ બાબત તો આ આપના આરોગ્યની માહિતી મેળવી લેવી પડશે. આંતરિક પ્રેરણાના સ્તરને ધ્યાનમાં લેવાની જરૂર છે. આ તમામ પ્રકારની માહિતી વગર શિખર પર પહોંચી જવાના પ્રયાસ કરવામાં આવશે તો અંતમાં નિરાશા હાથ લાગશે. જીવન એક શિક્ષક તરીકે છે. યાદ રાખવા જેવી બાબત છે કે હકીકત હમેંશા કડવી હોય છે. જીવન દરેક ક્ષણમાં તમારી કસોટી કરે છે. તમારે એ સમજી લેવાની જરૂર નથી કે તે આપના પ્રિયની જેમ કામ કરી રહ્યા છે. સમય આપના કઠોર શિક્ષકની જેમ સતત પરીક્ષા કરે છે. જો તમે આ સારા વિદ્યાર્થીની જેમ જીવનરૂપી શિક્ષકના છત્ર હેઠળ પરીક્ષા આપી રહ્યા છો તો તમને ચોક્કસપણે સફળતા મળી શકે છે. આધુનિક સમયમાં સફળતા હાંસલ કરવા માટે વ્યક્તિ દરેક પ્રકારના પ્રયાસ કરે છે. દિન રાત એક કરે છે. ખુબ મહેનત કરે છે. આવી તમામ પ્રકારની પ્રક્રિયા અપનાવવામાં આવી હોવા છતાં કેટલાક લોકોને સફળતા મળતી નથી. સાથે સાથે કેટલાક લોકોને તરત જ સફળતા મળે છે. આવી બાબત પણ જોવા મળે છે. જો કે સફળતા હાંસલ કરવા માટે સૌથી ઉપયોગી બાબત તો ભયને દુર કરીને આગળ વધવાની જરૂર છે. જોખમ લીધા વગર પણ કેટલીક વખત સફળતા હાંસલ થતી નથી. આ તમામ બાબતો પર ધ્યાન આપીને સફળતા હાંસલ કરી શકાય છે. હાલના સમયમાં દરેક ક્ષેત્રમાં સ્પર્ધા વધી રહી છે. આવી સ્થિતીમાં સફળતા હાંસલ કરવા માટે શારરિક ફિટનેસ પણ ઉપયોગી બની ગઈ છે. નિયમિત રીતે પોતાના કામ ન કરનાર વ્યક્તિને પણ સફળતા મળતી નથી.

આવી સ્થિતીમાં શારરિક ફિટનેસ પણ જરૂરી છે. નોકરીના સ્થળ પર વારંવાર રજા પાડનાર વ્યક્તિ પણ સફળતા હાંસલ કરી શકતા નથી. કારણ કે તેમના પર અન્યો અને જવાબદાર લોકો વિશ્વાસ મુકતા નથી. કામ પ્રત્યે સમર્પણ ભાવના પણ ખુબ ઉપયોગી છે.

# અફસોસની વાત છે કે આ બૌદ્ધિક પ્રહાર પાછળ હાર્વર્ડમાં કાર્યરત કેટલાય ભારતીયો પણ છે!

**ઉદ્યોગ જગતના મોટા મોટા દિગ્ગજ હાર્વર્ડને દાન આપીને ખુદને ગૌરવાન્વિત અનુભવે છે. અશોક યુનિવર્સિટી ખુદને બહુ ગર્વથી 'ભારતની હાર્વર્ડ' ગણાવે છે!**

ભારત પર હંમેશથી આક્રમણો થતાં રહ્યાં છે. પહેલાં ઉત્તર-પશ્ચિમ સીમાથી આક્રમણખોરો આવતા હતા. બાદમાં સમુદ્રી માર્ગથી આવ્યા અને સમયાંતરે પોતાનું સામ્રાજ્ય સ્થાપિત કરી લીધું. હિમાલય પર્વતથી આપણે ઉત્તર સીમાને સુરિક્ષત સમજતા હતા, પરંતુ ચીને તેને પણ પાર કરીને ૧૯૬૨માં હુમલો કર્યો. એવા હુમલાથી ઈતર વર્તમાનમાં ભારત પર એક એવું આક્રમણ થઈ રહ્યું છે, જેનાથી ન માત્ર મોટાભાગની જનતા, બલ્કે આપણા શાસક પણ લગભગ અજાણ છે. આ આક્રમણ બૌદ્ધિક સ્તર પર થઈ રહ્યું છે, જેનું લક્ષ્ય ભારતની સભ્યતા અને સંસ્કૃતિ પર એવા પ્રહાર કરવાનું છે કે તે મૂળ રૂપથી નષ્ટ થઈ જાય. આ આક્રમણનું કેન્દ્ર બિંદુ અમેરિકાની વિખ્યાત હાર્વર્ડ યુનિવર્સિટી છે. હાર્વર્ડના કેટલાક વિદ્વાનોએ એક નવું દર્શન પ્રતિપાદિત કર્યું છે, જેને ક્રિટિકલ રેસ થિયરી એટલે કે સીઆરટી નામ આપવામાં આવ્યું છે. તે અનુસાર વર્તમાન વ્યવસ્થા દૂષિત થઈ ચૂકી છે અને સમાજમાં જે પણ અન્યાય-શોષણ છે, તે એને કારણે જ થઈ રહ્યા છે. ભારતના સંદર્ભે તે અનુસાર હિંદુ ધર્મને નષ્ટ કરી દેવો જોઈએ, કારણ કે તે જાતિ વ્યવસ્થા આધારિત છે, જેમાં એક વર્ગ બીજા વર્ગનું શોષણ કરે છે. તેમાં આપણી પારિવારિક વ્યવસ્થા પર પણ સવાલ ઉઠાવવામાં આવ્યા છે. આ દર્શનને માનનારા અનુસાર આ વ્યવસ્થા પુરુષ પ્રધાન છે, જેને કારણે મહિલાઓનું ઉત્પીડન અને શોષણ થાય છે. આપણા ધર્મગુરુઓ નકામા છે. તેમને અપદસ્થ કરવા જોઈએ, કારણ કે તેમના વિરુદ્ધ સમયે સમયે ફરિયાદો મળતી રહે છે. સંસ્કૃત ભાષાનો ત્યાગ કરી દેવો જોઈએ, કારણ કે તે મરી ચૂકી છે. હિંદુ તહેવારોનો કોઈ મતલબ નથી. તેનાથી પાણીની બરબાદીથી લઈને પ્રદૂષણ પણ થાય છે. વેદો વિશે કહેવાયું છે કે તેમાં જે લખ્યું છે તે જ હિંદુ ધર્મની કમજોરી, અન્યાય અને શોષણનો આધાર છે. તેથી તેમનું પઠન-પાઠન બંધ કરી દેવું જોઈએ.

સંક્ષિપ્તમાં કહીએ તો આ સિદ્ધાંતનો સાર એ છે કે હિંદુ સભ્યતા અને હિંદુ સંસ્કૃતિનો વિનાશ સમાજના હિતમાં છે અને બુદ્ધિજીવીઓએ આ જ દિશામાં કામ કરવું જોઈએ. દુષ્પ્રચારનો આો પ્રહાર કેટલાંય વર્ષોથી ચાલુ છે. તેનો પ્રતિકાર કરવા માટે આપણે રાજીવ મલ્હોત્રા અને વિજયા વિશ્વનાથનના આભારી રહેવું પડે, જેમણે પોતાના પુસ્તક 'સ્નેક્સ ઈન ધ ગંગા'માં કેટલાંય ચોંકાવનારાં તથ્યો ઉજાગર કર્યા છે. આ પુસ્તક ગહન શોધ અને અકાટ્ય તથ્યોના આધારે લખવામાં આવ્યું છે. પુસ્તક વાંચ્યા બાદ પહેલો સવાલ એ જ થાય કે શું વોશિંગ્ટન સ્થિત ભારતીય દૂતાવાસે આ બિંદુઓને લઈને ભારત સરકારને જાણ કરી હતી, જેનો પુસ્તકમાં ઉલ્લેખ છે? જાણકારી મળે છે કે આવી કોઈ ચેતવણી નહોતી આવી. આખરે આપણા દૂતાવાસના અધિકારીઓ કરે છે શું? ભારતની સભ્યતા અને સંસ્કૃતિ પર હાર્વર્ડ દ્વારા આટલો મોટો પ્રહાર થાય છે અને તેના વિશે તેઓ સરકારને કશું જણાવતા નથી? શું ગુપ્તચર એજન્સી 'રો'એ આ સંબંધે કોઈ રિપોર્ટ કર્યો હતો? જો હા, તો એના પર શી કાર્યવાહી થઈ અને જો ના તો તેની પણ જવાબદારી નક્કી થવી જોઈએ. અફસોસની વાત છે કે આ બૌદ્ધિક પ્રહાર પાછળ હાર્વર્ડમાં કાર્યરત કેટલાય ભારતીયો પણ છે! તેમાંનો એક છે પ્રોફેસર અજંતા સુબ્રમણ્યમ. તેણે એક પુસ્તક લખ્યું છે જેમાં ભારતીય ટેક્નોલોજી સંસ્થાઓ એટલે કે આઈઆઈટી પર સવાલ ઉઠાવ્યા છે. તેના અનુસાર આ સંસ્થાઓ ફેક્ટરીની જેમ કામ કરી રહી છે અને જાતીય અસમાનતાને સ્થાયિત્વ આપી રહી છે, તેથી તેને બંધ કરી દેવી જોઈએ. વાસ્તવિકતા તો એ જ છે કે આઈઆઈટીના છાત્રો અમેરિકા સહિત દુનિયાભરની સંસ્થાઓમાં છવાયેલા છે અને જ્યારે તેમની સાથે હરીફાઈની ત્રેવડ નથી તો તે સંસ્થાઓને જ બંધ કરાવવાનો દુષ્પ્રચાર શરૂ કરી દેવાયો છે. કેનેડી સ્કૂલમાં સીનિયર ફેલો સૂરજ યંગડે હિંદુ ધર્મ પર એલફેલ બકવાસ કરતો રહે છે. થેનમોઝી સૌંદર્યરાજન કેટલાય રાજ્યોમાં હિંદુઓ વિરુદ્ધ કેસો કરાવી રહી છે. તેના અનુસાર હિંદુઓ વિરુદ્ધ વંશવાદનો આરોપ બને છે.

રાજીવ મલ્હોત્રા અનુસાર હાર્વર્ડ યુનિવર્સિટીની ઘૂસપેઠ ભારતના મોટાભાગના વર્ગોમાં થઈ ચૂકી છે. સરકારી અધિકારી હાર્વર્ડ જવામાં બહુ ગર્વની વાત માને છે અને ત્યાંના જ્ઞાનને સમજ્યા વિચાર્યા વગર જ ગળચી જાય છે. લગભગ આ જ હાલત મીડિયાના કેટલાય પ્રતિનિધિઓની છે. ઉદ્યોગ જગતના મોટા મોટા દિગ્ગજ હાર્વર્ડને દાન આપીને ખુદને ગૌરવાન્વિત અનુભવે છે. અશોક યુનિવર્સિટી ખુદને બહુ ગર્વથી 'ભારતની હાર્વર્ડ' ગણાવે છે! બીજી તરફ નરેન્દ્ર મોદી કહે છે કે ગુલામીના તમામ નિશાનો મિટાવી દેવામાં આવે, પરંતુ દિમાગી ગુલામીથી આપણે ક્યારે સ્વતંત્ર થઈશું?

મલ્હોત્રા અને વિશ્વનાથને હાર્વર્ડ યુનિવર્સિટીને સાપનું દર ગણાવ્યું છે. દુર્ભાગ્ય એ છે કે આ સાપોને આપણે હિંદુસ્તાનથી જ દૂધ પાઈને ઉછેરી રહ્યા છીએ. ટાટા સમૂહે હાર્વર્ડને પાંચ કરોડ ડોલર દાનમાં આપ્યા છે. લ-મી મિત્તલ સમૂહે ૨.૫ કરોડ ડોલર અને મહિન્દ્રા સમૂહે એક કરોડ ડોલર. આ દાનવીરોને પૂછવું જોઈએ કે જો તેમણે દાન આપવું જ હતું તો શું એ રાશિનો સદુપયોગ સુનિશ્ચિત કર્યો? સાથે જ એ પણ કે તમે આટલી સંપદા વિદેશી સંસ્થાઓને આપી તો તેની તુલનામાં ભારતીય સંસ્થાઓને કેટલું દાન આપ્યું? હાર્વર્ડના તથાકથિત વિદ્વાનો અનુસાર ભારતની જાતિ વ્યવસ્થા પશ્ચિમની વંશીય વ્યવસ્થા જેવી છે. તેમણે ભારતની ઉચ્ચ જાતિઓની તુલના અમેરિકાના શ્વેત શ્રેષ્ઠતાવાદની ગ્રંથિ સાથે કરી છે અને ભારતના દલિતોને અમેરિકી અશ્વેતોને સમકક્ષ ગણાવ્યા છે. જાતિ અને વંશને એક જેવું સમજવું દિમાગી દેવાળિયાપણાનો જ પુરાવો છે. બંનેની ઐતિહાસિક અને સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ એકદમ અલગ છે, પરંતુ અમેરિકી બુદ્ધિજીવી બંનેને એક ત્રાજવે તોળીને ભારતીયોના અમેરિકામાં અસ્તિત્વને અને વિશેષ તો હિંદુઓની ઓળખ ખતમ કરવા માંગે છે. આશ્ચર્યની વાત એ છે કે આ જ બુદ્ધિજીવી ઈસ્લામને પીડિત ગણાવે છે.

ભારત સરકારે આ ખતરાની ગંભીરતા જોતાં યોગ્ય આકલન કરીને તેનો ઉકેલ લાવવાની યોજના બનાવવી જોઈએ. અમેરિકાથી થનારો બૌદ્ધિક પ્રહાર આપણા અસ્તિત્વને પડકાર આપે છે. આ શાસ્ત્રાર્થમાં ભારતે



Cyber Octet™

## CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com



હિમાચલ પ્રદેશના ચંબામાં મોટી દુર્ઘટના

# કાર ઊંડી ખીણમાં ખાબકતાં ૬ લોકોના દર્દનાક મોત

। નવી દિલ્હી, તા.૮ ।

હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લામાં ગુરુવારે મોડી રાત્રે થયેલા ભયાનક માર્ગ અકસ્માતમાં છ લોકોના દુ:ખદ મોત થયા છે. આ અકસ્માત ચુરાહ સબડિવિઝનના ભંજરાડુ-શાહવા-ભડકવાસ રોડ પર થયો હતો, જ્યાં એક કાર બેકાબુ થતાં ઊંડી ખાડામાં પડી ગઈ હતી.સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર કારમાં કુલ છ લોકો મુસાફરી કરી રહ્યા હતા, જેમાં બે પુરુષો, બે મહિલાઓ અને બે બાળકોનો સમાવેશ થાય છે. અકસ્માત એટલો ગંભીર હતો કે બધાના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. કહેવાય છે કે શાહવા નજીક કાર અચાનક બેકાબુ થઈ અને ઊંડી ખીણમાં ખાબકી ગઈ. હાલમાં વહીવટીતંત્ર અકસ્માતના કારણોની તપાસ કરી રહ્યું છે.

હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ અકસ્માત પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું છે કે, 'ચંબા જિલ્લાના ટીસાના ચાનવાસમાં કાર અકસ્માતમાં ૬ લોકોના મોતના સમાચાર અત્યંત દુ:ખદ અને પીડાદાયક છે.' મુખ્યમંત્રીએ લખ્યું કે, 'શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી સંવેદના. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તેઓ મૃતકોના આત્માને શાંતિ આપે અને આ દુ:ખની ઘડીમાં શોકગ્રસ્ત પરિવારને ધીરજ અને શક્તિ આપે.'

હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લામાં ગુરુવારે મોડી રાત્રે થયેલા ભયાનક માર્ગ અકસ્માતમાં છ લોકોના દુ:ખદ મોત થયા છે.

તપાસ એજન્સીની સત્તાને પડકારતી અરજીની સુનાવણીમાં આકરા અવલોકનો

# ઇડી એક 'ઠગ'ની જેમ વર્તી ન શકે, કાયદાના દાયરામાં રહી કામ કરવું પડશે : સુપ્રીમ કોર્ટ

**૨૦૨૨ના ચુકાદાની સમીક્ષાની માંગ કરતી અરજીઓની સુનાવણી કરતાં જસ્ટિસ સૂર્યકાન્ત, ઉજ્જલ ભુયાન, એન કોટીશ્વર સિંહ એસની બનેલી ખંડપીઠે આ અવલોકન કર્યા હતાં**

। નવી દિલ્હી, તા.૮ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી)નો આરોપીઓને દોષિત ઠેરવવાનો દર નીચો હોવા અંગે સખત નારાજગી વ્યક્ત કરી સુપ્રીમ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે ઈડી એક 'ગુનેગાર'ની જેમ કામ કરી શકે નહીં અને તેને કાયદાના દાયરામાં સીમિત રહેશું પડશે. કોર્ટ ઈડીની છબીથી પણ ચિંતિત છીએ. ૨૦૨૨ના ચુકાદાની સમીક્ષાની માંગ કરતી અરજીઓની સુનાવણી કરતાં જસ્ટિસ સૂર્યકાન્ત, ઉજ્જલ ભુયાન, એન કોટીશ્વર સિંહ એસની બનેલી ખંડપીઠે આ અવલોકન કર્યા હતાં. ૨૦૨૨ના ચુકાદામાં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ધરપકડની સત્તાઓને સમર્થન અપ ાયું હતું. કેન્દ્ર અને ઈઠ વતી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એસ વી રાજુએ સમીક્ષા અરજીઓનો વિરોધ કર્યો હતો અને દોષિત ઠેરવવાના



નીચા દર માટે વગદાર આરોપીઓની વિલંબિત યુક્તિઓને જવાબદાર ગણાવી હતી. રાજુએ જણાવ્યું હતું કે વગદાર ગુનેગારો કાર્યવાહીને લંબાવવા માટે વિવિધ તબક્કે અરજીઓ દાખલ કરવા માટે વકીલોની એક ટીમનો ઉપયોગ કરે છે અને કેસના તપાસ અધિકારી તપાસ માટે સમય ફાળવવાને બદલે એક કે બીજી અરજી માટે કોર્ટમાં દોડતા રહે છે. ન્યાયાધીશ ભૂયાને જણાવ્યું હતું કે તમે એક ગુનેગારની જેમ કામ ન કરી શકો. તમારે કાયદાના દાયરામાં રહીને કામ કરવું પડશે.

મેં મારા એક ચુકાદામાં અવલોકન કર્યું છે કઈડીએ છેલ્લા પાંચ વર્ષમાં લગભગ ૫,૦૦૦ કેસ દાખલ કર્યા છે, પરંતુ દોષિત ઠેરવવાનો દર ૧૦ ટકાથી ઓછો છે. તેથી જ અમે આગ્રહ રાખીએ છીએ કે તમે તમારી તપાસમાં સુધારો કરો, કારણ કે તે વ્યક્તિની સ્વતંત્રતા સાથે સંબંધિત છે. અમેઈડીની છબી વિશે પણ ચિંતિત છીએ. ૫-૬ વર્ષની ન્યાયિક કસ્ટડીના અંતે જો લોકો નિર્દોષ છૂટી જાય, તો આન માટે જવાબદાર કોણ રહેશે? હા, વગદાર આરોપીએ આવી કોર્ટમાં પણ સંખ્યાબંધ અરજીઓ કરી શકે છે, પરંતુ આરોપીઓ અને તેમના વકીલો જાણે છે કે રોજિંદા સુનાવણી થતી હોવાથી તેમની અરજીનો નિર્ણય બીજા દિવસે જ આવી જશે. આપ ણે તેમના પ્રત્યે સહાનુભૂતિ રાખી શકીએ નહીં. હું એક મેજિસ્ટ્રેટને જાણું છું જેને એક દિવસમાં ૪૯ અરજીઓનો નિર્ણય લેવો પડે છે અને દરેક અરજીમાં ૧૦-૨૦ પાનાનો આદેશ પસાર કરવો પડે છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)નો આરોપીઓને દોષિત ઠેરવવાનો દર નીચો હોવા અંગે સખત નારાજગી વ્યક્ત કરી.

## ફિલ્મ 'ઉદયપુર ફાઇલ્સ' થી સાંપ્રદાયિક તણાવ ફેલાઈ શકે છે; પ્રતિબંધની માંગ,મૌલાના શહાબુદ્દીન

। બરેલી, તા.૮ ।

ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના રાષ્ટ્રીય પ્રમુખ મૌલાના શહાબુદ્દીન રઝવી બરેલવીએ ફિલ્મ 'ઉદયપુર ફાઈલ્સ' પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે. આ સંદર્ભમાં, તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. મૌલાનાએ એવી આશંકા વ્યક્ત કરી છે કે ઉદયપુર ઘટના પર બનેલી ફિલ્મ 'ઉદયપુર ફાઈલ્સ' રિલીઝ થવાથી મુસ્લિમ સમુદાયના લોકોની ભાવનાઓ ભડકી શકે છે. આનાથી સાંપ્રદાયિક તણાવ ફેલાઈ શકે છે.શહાબુદ્દીન રઝવીએ કહ્યું કે મુસ્લિમોએ ૨૦૨૨માં રાજસ્થાનના ઉદયપુરમાં બનેલી આ ઘટનાની નિંદા કરી હતી. અમે હજુ પણ તે ઘટનાની નિંદા કરીએ છીએ. ઉદયપુર ફાઈલ્સ ફિલ્મ આ જ ઘટનાના સંદર્ભમાં બનાવવામાં આવી છે, જે ૧૧ જુલાઈ ૨૦૨૫ના રોજ રિલીઝ થશે. તેનું ટ્રેલર પાછલા દિવસોમાં રિલીઝ થયું છે.મૌલાનાએ આરોપ લગાવ્યો કે ફિલ્મના ટ્રેલરમાં વાંધાજનક દ્રશ્યો બતાવવામાં આવ્યા છે. મુસ્લિમોને આતંકવાદી તરીકે રજૂ કરવામાં આવ્યા છે. ધાર્મિક લાગણીઓ ભડકાવવામાં આવી છે. ભાજપના ભૂતપૂર્વ નેતા નુપુર શર્માનું વિવાદાસ્પદ નિવેદન પણ બતાવવામાં આવ્યું છે.રાજવીએ કહ્યું કે મુસ્લિમ ભૂખ્યો રહી શકે છે. તરસ્યો રહી શકે છે, બેરોજગાર રહી શકે છે. પરંતુ તે પોતાના પ્રિય ઈસ્લામના પયગંબર વિરુદ્ધ નાનામાં નાની અપમાન પણ સહન કરી શકતો નથી.

## ઓસ્ટ્રેલિયાની એ ટીમ ટૂંક સમયમાં ભારતનો પ્રવાસ કરવા જઈ રહી છે

। નવીદિલ્હી,તા.૮ ।

જ્યારે પણ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ક્રિકેટ મેચ હોય છે, ત્યારે ઉત્સાહ ચરમસીમાએ હોય છે. હવે ફરી એકવાર બંને ટીમો એકબીજા સામે ટકરાશે. ટૂંક સમયમાં ઓસ્ટ્રેલિયાની એ ટીમ ભારતનો પ્રવાસ કરશે, મેચ કાનપુર અને લખનૌમાં યોજાશે. મોટી અને ખાસ વાત એ છે કે આ છ ટીમ હોવા છતાં, તેમાં કેટલાક ખેલાડીઓ પણ શામેલ છે જેમણે ઓસ્ટ્રેલિયા માટે ટેસ્ટ રમી છે, તેથી તે જોવામાં આવશે. સેમ કોન્સ્ટાસને ઓસ્ટ્રેલિયા છ ટીમમાં સ્થાન મળ્યું છેભારતના પ્રવાસે આવનારી ઓસ્ટ્રેલિયા એ ટીમની જાહેરાત કરવામાં આવી છે. ભારત છ અને ઓસ્ટ્રેલિયા છ વચ્ચે બે મેચ રમવાની છે. આ ટીમની ખાસ વાત એ છે કે તેમાં સેમ કોન્સ્ટાસનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ શ્રેણી દરમિયાન, બે મલ્ટી-ડે અને ત્રણ વનડે મેચ રમાશે. સેમ કોન્સ્ટાસ ઓસ્ટ્રેલિયા માટે ટેસ્ટ મેચ રમી ચૂક્યો છે અને તે સૌથી લોકપ્રિય નામોમાંનું એક છે. મળતી માહિતી મુજબ, મલ્ટી-ડે મેચ લખનૌના એકાના સ્ટેડિયમમાં રમાશે, જ્યારે વનડે મેચ કાનપુરના ગ્રીન પાર્ક સ્ટેડિયમમાં રમાશે.ઓસ્ટ્રેલિયન ટીમ હાલમાં કોઈ ટેસ્ટ મેચ નહીં રમે, જોકે તેને ઘણી વનડે અને ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમવાની છે.

ફુલ કોર્ટ બેઠક બોલાવવા માગ

# સુપ્રીમ કોર્ટના ચુકાદા સામે એકજૂટ થયા અલ્હાબાદ હાઈકોર્ટના ૧૩ જજ

**ચોથી ઓગસ્ટના રોજ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જે.બી. પારડીવાલા અને ન્યાયાધીશ આર. મહાદેવનની બનેલી બેન્ચે એક ફોજદારી કેસમાં ન્યાયાધીશ પ્રશાંત કુમાર દ્વારા આપવામાં આવેલી સુનાવણી અને ચુકાદા પર કડક ટિપ્પણી કરી હતી**

। નવી દિલ્હી, તા.૮ ।

સુપ્રીમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ પ્રશાંત કુમાર સામે આપેલા આદેશથી ન્યાયતંત્રમાં અગવડતા અને વિરોધનું મોજું ફરી વળ્યું છે. અલ્હાબાદ હાઈકોર્ટના ઓછામાં ઓછા ૧૩ જજોએ ચીફ જસ્ટિસ અરુણ ભસાલીને પત્ર લખીને આ આદેશ સામે ફુલ કોર્ટ મીટિંગ બોલાવવાની માંગ કરી છે.ચોથી ઓગસ્ટના રોજ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જે.બી. પારડીવાલા અને ન્યાયાધીશ આર. મહાદેવનની બનેલી બેન્ચે એક ફોજદારી કેસમાં ન્યાયાધીશ પ્રશાંત કુમાર દ્વારા આપવામાં આવેલી સુનાવણી અને ચુકાદા પર કડક ટિપ્પણી કરી હતી. હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને આદેશ આપ્યો હતો કે, 'જસ્ટિસ કુમારને ફોજદારી કેસોની સુનાવણીથી અલગ કરવામાં આવે. તેમને નિવૃત્તિ સુધી



વરિષ્ઠ ન્યાયાધીશ સાથે ડિવિઝન બેન્ચમાં બેસવાની વ્યવસ્થા કરવામાં આવે.'જસ્ટિસ અરિંદમ સિંહાએ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને એક ઔપચારિક પત્ર લખીને સુપ્રીમ કોર્ટના આદેશ પર ઊંડો આઘાત અને વ્યથા વ્યક્ત કરી હતી.

તેમણે કહ્યું, 'ચોથી ઓગસ્ટનો આદેશ કોઈપણ સૂચના જારી કર્યા વિના પસાર કરવામાં આવ્યો હતો અને ન્યાયાધીશ પ્રશાંત કુમાર સામે ગંભીર ટિપ્પણીઓ કરવામાં આવી હતી.'જસ્ટિસ સિંહાએ સૂચન કર્યું કે, 'ફુલ કોર્ટે નક્કી કરવું જોઈએ કે તે સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું પાલન કરશે નહીં કારણ કે સુપ્રીમ કોર્ટનું હાઈકોર્ટની વહીવટી કાર્યવાહી પર કોઈ નિયંત્રણ નથી.'

તેમણે એવો પણ પ્રસ્તાવ મૂક્યો કે કોર્ટે આદેશની ભાષા અને સ્વર પર પણ પોતાની નારાજગી નોંધાવવી જોઈએ.અહેવાલો અનુસાર, સુપ્રીમ કોર્ટના કેટલાક વરિષ્ઠ ન્યાયાધીશોએ પણ જસ્ટિસ પારડીવાલાની બેન્ચ દ્વારા જાહેર કરાયેલા નિર્દેશો સાથે પોતાનો અસંમતિ વ્યક્ત કરી છે. ખાસ વાત એ છે કે સુપ્રીમ કોર્ટે જસ્ટિસ પ્રશાંત કુમાર સંબંધિત કેસને ફરીથી સૂચિબદ્ધ કર્યો છે.આ કેસ ખાનગી કંપની મેસર્સ શિખર કેમિકલ્સ દ્વારા દાખલ કરાયેલી ફોજદારી ફરિયાદ સાથે સંબંધિત છે. કંપનીએ ૫૨.૩૪ લાખ રૂપિયાનો થ્રેડ પૂરો પાડ્યો હતો, જેમાંથી ૪૭.૭૫ લાખ રૂપિયા ચૂકવી દેવામાં આવ્યા હતા. ફરિયાદીએ બાકીની રકમ અંગે ફોજદારી ફરિયાદ દાખલ કરી હતી. આના પર આરોપી પક્ષે ફોજદારી કેસનો અંત લાવવા માટે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી.

કરિશ્મા કપૂર અને સંજય કપૂર ૨૦૧૬માં અલગ થયા હતા

## મિલકતના વિવાદ વચ્ચે સંજય કપૂરની દીકરી સફિરાએ પોતાની અટક બદલી

। મુંબઈ, તા.૮ ।

હૃદયરોગના હુમલાને કારણે ઉદ્યોગપતિ અને કરિશ્મા કપૂરના પૂર્વ પતિનું અવસાન થયા પછી, તેની પત્ની પ્રિયાએ સોશિયલ મીડિયા પર પોતાનું નામ બદલી નાખ્યું છે. જે હવે પ્રિયા સંજય કપૂર તરીકે ઓળખાય છે. થોડા દિવસો પછી, પ્રિયાની દિકરી સફિરાએ પણ તેના ઈન્સ્ટાગ્રામ બાયોમાંથી તેની અટક ચટવાલ કાઢી નાખી છે. આમ પ્રિયા અને સફીરાના આ પગલાને સંજય કપૂરની મિલકતમાં હિસ્સો લેવાની તેમની સ્ટ્રેટેજીનો ભાગ મનાય છે.કાયદાકીય જોવગાઈ મુજબ, કરિશ્મા કપૂર અને સ્વર્ગસ્થ ઉદ્યોગપતિના ૨૦૧૬માં અલગ થયા હોવા છતાં, તેમના બે બાળકો, સમાયરા અને કિયાનને પિતાની સંપત્તિમાં ભાગ લેવાનો અધિકાર છે.અભિનેત્રી સાથેના લગ્નથી કપૂરના બાળકોને ૧૪ કરોડ રૂપિયાના બોન્ડ અને ૧૦ લાખ રૂપિયાની માસિક આવક એલીમનીમાં આપવામાં આવી છે. જોકે, આ અંગે કોઈ સત્તાવાર માહિતી નથી.વધુમાં, સંજય કપૂરને તેની પત્ની પ્રિયા સચદેવ સાથે એક પુત્ર, અઝારિયસ હતો, તે ટ્રસ્ટ અને વ્યક્તિગત સંપત્તિ બંનેના સીધો વારસદાર બનશે. સફિરાની વાત કરીએ તો, તે પ્રિયા અને તેના ભૂતપૂર્વ પતિ, વિક્રમ ચટવાલની પુત્રી છે. જો સંજય તેને કાયદેસર રીતે દત્તક લે તો જ તેને સંજયની મિલકતમાં હિસ્સો મળશે. આવા કિસ્સામાં જ, સફિરા તેના ભાઈની જેમ સમાન મિલકત મળશે.મૃત્યુ સમયે સંજયની કાયદેસર પત્ની હોવાથી, વસિયતનામાનાં અભાવને કારણે પ્રિયા તેની સંપત્તિનો નોંધપાત્ર હિસ્સો ધરાવે છે. વધુમાં, સંજય આરકે ફેમિલી ટ્રસ્ટનો એકમાત્ર લાભાર્થી હતો. તેના મૃત્યુ પછી, તેની પત્ની સંપત્તિનો વારસો મેળવશે. હૃદયરોગના હુમલાને કારણે ઉદ્યોગપતિ અને કરિશ્મા કપૂરના પૂર્વ પતિનું અવસાન થયા પછી, તેની પત્ની પ્રિયાએ સોશિયલ મીડિયા પર પોતાનું નામ બદલી નાખ્યું છે. જે હવે પ્રિયા સંજય કપૂર તરીકે ઓળખાય છે. થોડા દિવસો પછી, પ્રિયાની દિકરી સફિરાએ પણ તેના ઈન્સ્ટાગ્રામ બાયોમાંથી તેની અટક ચટવાલ કાઢી નાખી છે.

### ન્યૂઝ બ્રિફ



## પાર્કિંગ માટે બોલીવુડની પ્રખ્યાત અભિનેત્રી હુમા કુરેશીના પિતરાઈ ભાઈ આસિફ કુરેશીની હત્યા

। મુંબઇ, તા.૮ ।

બોલીવુડ અભિનેત્રી હુમા કુરેશીના પિતરાઈ ભાઈ આસિફ કુરેશીની દિલ્હીના નિઝામુદીન વિસ્તારમાં હત્યા કરવામાં આવી છે. આ મામલો પાર્કિંગ વિવાદ સાથે સંબંધિત હતો. એક નાના ઝઘડાએ ગંભીર વળાંક લીધો અને આસિફની હત્યા કરવામાં આવી. આ ઘટના ગુરુવાર, ૭ ઓગસ્ટના રોજ રાત્રે ૧૧ વાગ્યે બની હતી. આ ઘટનાને અંજામ આપનારા બે લોકોના નામ સામે આવ્યા છે, જેમની ધરપકડ પણ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આસિફ અને બે લોકો વચ્ચે તેના ઘરના મુખ્ય દરવાજા સામે સ્કૂટી પાર્ક કરવાને લઈને ઝઘડો થયો હતો. આ પછી, આરોપીઓએ તેના પર તીક્ષ્ણ હથિયારોથી હુમલો કર્યો. હુમલા બાદ, આસિફને ગંભીર હાલતમાં નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. -જાહેરાત- આસિફ કુરેશી કોણ છે, અભિનેત્રી હુમા સાથે તેનો શું સંબંધ છે? આસિફ કુરેશી અભિનેત્રી હુમા કુરેશીના કાકાનો પુત્ર હતો, આ સંબંધને કારણે તેને અભિનેત્રીનો પિતરાઈ ભાઈ માનવામાં આવતો હતો. આસિફ ૪૨ વર્ષનો હતો. તે પરિણીત હતો અને તેની શાયના અને પરિવાર સાથે રહેતો હતો. આસિફ કુરેશીનો પોતાનો વ્યવસાય હતો, તે રેસ્ટોરન્ટ અને હોટલમાં ચિકન સપ્લાય કરતો હતો. આસિફ દિલ્હીના નિઝામુદીન પોલીસ સ્ટેશન વિસ્તારનો રહેવાસી હતો. આ વિસ્તારમાં થયેલી લડાઈમાં તેનું મોત થયું હતું. જણાવવામાં આવ્યું હતું કે ગુરુવારે મોડી રાત્રે જંગપુરા ભોગલ બજારની ગલીમાં પાર્કિંગને લઈને ઝઘડો થયો હતો.

## સંજુ સેમસન પોતે રાજસ્થાન રોયલ્સમાંથી મુક્ત થવા માંગે છે

। જયપુર, તા.૮ ।

ઈન્ડિયન પ્રીમિયર લીગ એટલે કે આઈપીએલની આગામી સીઝન હજુ દૂર છે, પ રંતુ તેના વિશે સમાચાર આવવા લાગ્યા છે. આ સમયે સૌથી વધુ હેડલાઈન્સમાં રહેલા ખેલાડી અને ટીમ સંજુ સેમસન અને રાજસ્થાન રોયલ્સ છે. એવી ચર્ચા છે કે સંજુ સેમસન રાજસ્થાન રોયલ્સથી અલગ થવા માંગે છે. જોકે, સંજુ અને ટીમ મેનેજમેન્ટ તરફથી હજુ સુધી આ અંગે કોઈ નિવેદન આવ્યું નથી.શું સંજુ સેમસન આઈપીએલની આગામી સીઝનમાં રાજસ્થાન માટે નહીં રમે? આની શક્યતા ઘણી વધારે લાગે છે. વાસ્તવમાં, સમાચાર એ છે કે રાજસ્થાન તેને પોતાની સાથે રાખવા માંગે છે, પરંતુ સંજુ પોતે હવે ટીમ સાથે રહેવાની સ્થિતિમાં નથી. પરંતુ શું રાજસ્થાન ટીમ ઈચ્છશે કે જે ખેલાડી તેમની સાથે રહેવા માંગતો નથી તેને બળજબરીથી તેમની સાથે રાખવામાં આવે. આનાથી ટીમને નુકસાન જ થશે. એ જોવું રસપ્રદ રહેશે કે સંજુ સેમસન હરાજીમાં જશે કે તે પહેલાં તેને બીજી ટીમમાં વેચવામાં આવશે. આ સમગ્ર મામલાને લઈને ક્રિકબઝ તરફથી એક નવો અહેવાલ બહાર આવ્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે.

## અમેરિકામાં મિસિસિપી નદીમાં હેલિકોપ્ટર ક્રેશ, ૨ લોકોના મોત નિપજયાં

। વોશિંગ્ટન,તા.૮ ।

અમેરિકામાં ફરી એકવાર એક ભયંકર અકસ્માત થયો છે. ગુરુવારે અમેરિકાના ઈલિનોઈસમાં એક હેલિકોપ્ટર મિસિસિપી નદીમાં ક્રેશ થયું. આ અકસ્માતમાં ૨ લોકોના મોત થયા છે. યુએસ ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશનએ આ અકસ્માત અંગે માહિતી આપી છે. મિઝોરી સ્ટેટ હાઈવે પેટ્રોલના કોર્પોરલ ડલ્લાસ થોમ્પસને બંનેના મોતની પુષ્ટિ કરી છે અને કહ્યું છે કે અન્ય કોઈને ઈજા થઈ નથી. અકસ્માત બાદ નદીને વાણિજ્યિક નેવિગેશન માટે બંધ કરી દેવામાં આવી છે.

## કેનેડામાં ૨૧ વર્ષીય ભારતીય વિદ્યાર્થીની હત્યા । પોલીસે ૩૨ વર્ષીય આરોપીની ધરપકડ

। નવીદિલ્હી, તા.૮ ।

કેનેડામાં ફાયરિંગની ઘટનામાં ૨૧ વર્ષીય ભારતીય વિદ્યાર્થી હરસિમરત રંધાવાના મૃત્યુના સંદર્ભમાં એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલ વ્યક્તિ પર હત્યાનો આરોપ મૂકવામાં આવ્યો છે. સીબીસી ન્યૂઝે એક પ્રેસ કોન્ફરન્સમાં કાર્યકારી ડિટેક્ટીવ સાર્જન્ટ ડેરિલ રીડને ટાંકીને જણાવ્યું હતું કે હેમિલ્ટન પોલીસે મંગળવારે ઓન્ટારિયોના નાયગ્રા ફોલ્સથી ૩૨ વર્ષીય આરોપી જર્ડેન ફોસ્ટરની ધરપકડ કરી હતી અને તેના પર હત્યા ઉપરાંત હત્યાના પ્રયાસના ત્રણ ગુનાઓનો આરોપ મૂક્યો હતો.હરસિમરત રંધાવા મોહૌક કોલેજમાં ફિઝીયોથેરાપીનો કોર્ષ કરી રહી હતી અને તે બીજા વર્ષની વિદ્યાર્થીની હતી. ૧૭ એપ્રિલના રોજ રંધાવાને અપર જેમ્સ સ્ટ્રીટ અને સાઉથ બેન્ડ રોડના આંતરછેદ પર બસ સ્ટેન્ડ પાસે ઉભી હતી ત્યારે ગોળી વાગી હતી. ગોળી વાગ્યા બાદ, વિદ્યાર્થીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી પરંતુ બાદમાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. માહિતી અનુસાર, ભારતીય વિદ્યાર્થી બસમાંથી ઉતર્યા પછી રસ્તો ક્રોસ કરવા માટે ઉભી હતી ત્યારે તેને ગોળી વાગી હતી.સીબીસી ન્યૂઝે અહેવાલ આપ્યો છે કે ચાર કારમાં ઓછામાં ઓછા સાત લોકો કોઈ વાતને લઈને વિવાદમાં સામેલ હતા અને નજીકમાં ઉભેલી હરસિમરતને ગોળી વાગી હતી. ગુરુવારે રીડને ટાંકીને કહેવામાં આવ્યું હતું કે, "હરસિમરત સ્થાનિક જીમમાંથી ઘરે જઈ રહી હતી ત્યારે તેમને ગોળી મારીને મૃત્યુ પામ્યા હતા." આ કેસમાં અન્ય કોઈની ધરપકડ કરવામાં આવી નથી.

**મોદી સરકાર ચોરીની સરકાર છે** | કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ શુક્રવારે બેંગ્લોરના ફ્રીડમ પાર્ક ખાતે આયોજિત વોટ અધિકાર રેલીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા

# ચૂંટણી પંચ પીએમ મોદી અને અમિત શાહના ઈશારે કામ કરે છે : મલ્લિકાર્જુન ખડગે

। બેંગ્લુરૂ,તા.૮ ।

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ શુક્રવારે બેંગ્લોરના ફ્રીડમ પાર્ક ખાતે આયોજિત વોટ અધિકાર રેલીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા. મત ચોરીનો આરોપ લગાવતા તેમણે કહ્યું કે ૨૦૧૯ ની લોકસભા ચૂંટણી પણ નકલી મતોના કારણે હારી ગઈ હતી. ખડગેએ કહ્યું કે મોદી સરકાર ચોરીની સરકાર છે. તે નકલી મતોથી દેશને રડાવી રહી છે. મેં ૨૦૧૯ માં કહ્યું હતું કે નકલી મતોના કારણે કોંગ્રેસ હારી ગઈ. હવે તે વાત સાચી સાબિત થઈ રહી છે. તેમણે દાવો કર્યો હતો કે ચૂંટણી પંચ પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહના ઈશારે કામ કરે છે.



ખડગેએ કહ્યું કે બેંગ્લોરની મહાદેવપુરા વિધાનસભા બેઠક પર ૬.૬ લાખ મતોની ચકાસણી કરવામાં આવી છે અને તે છેતરપિંડીવાળી ચૂંટણી હતી. તેમનો આરોપ છે કે ચૂંટણી પંચ નક્કી કરે છે કે ક્યાં મત ઓછા હોવા જોઈએ અને ક્યાં વધુ, જેથી ભાજપને ફાયદો મળે. ખડગેએ કહ્યું કે ભાજપ મહારાષ્ટ્ર, કર્ણાટક અને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પણ ગેરકાયદેસર રીતે જીત્યું છે.


તેમણે ચેતવણી આપી હતી કે આ સરકાર લાંબા સમય સુધી નહીં ચાલે, અમે લોકોની વચ્ચે જઈશું અને તેમને પાઠ ભણાવીશું. આ સાથે, ખડગેએ જણાવ્યું હતું કે ૧૧ ઓગસ્ટે, ઈન્ડિયા એલાયન્સના સાંસદો દિલ્હીમાં ચૂંટણી પંચ કાર્યાલય તરફ કૂચ કરશે અને મતદાન પ્રક્રિયામાં પારદર્શિતાની માંગ કરશે.

આ સાથે, કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ ખડગેએ મહાત્મા ગાંધીના 'કરો યા મરો' સૂત્રનો પુનરાવર્તિત કર્યો. તેમણે કહ્યું કે હવે આપણે બંધારણના રક્ષણ માટે પણ એવું જ કરવું પડશે. રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું કે બંધારણ બાબા સાહેબ આંબેડકર, મહાત્મા ગાંધી, નેહરુ અને સરદાર પટેલનો અવાજ છે અને કોંગ્રેસ દરેક કિંમતે તેનું રક્ષણ કરશે.

અગાઉ, વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ પણ રેલીને સંબોધિત કરી હતી અને કહ્યું હતું કે છેલ્લા ૧૦ વર્ષની મતદાર યાદી અને મતદાન મથકોના વિડિયો રેકોર્ડિંગ તાત્કાલિક જાહેર કરવા જોઈએ. તેમણે કહ્યું કે અમારા મતદાન અહેવાલમાં અમને કર્ણાટકમાં ૧૬ બેઠકો પર લીડ હતી, પરંતુ પરિણામોમાં અમને ફક્ત ૯ બેઠકો મળી. અમે ચૂંટણી પંચ પાસે યાદી અને સીસીટીવી ફૂટેજ માંગ્યા, પરંતુ અમને કંઈ મળ્યું નહીં.

# સીઝ ફાયરની વાર્તા વચ્ચે ગાજામાં ઇઝરાયલના પાંચ સૈનિકોના મોત । આતંકી સંગઠન હમાસનું પોત પ્રકાશ્યું





ગાઝા : ગાજામાં પેલેસ્ટાઈનીઓને વિસ્થાપિત કરીને બીજા સ્થળે મોકલવાની ચર્ચા વચ્ચે હમાસે હુમલો કરીને ઇઝરાયેલના ૫ સૈનિકો મારી નાખ્યા છે. આના પરથી ફલિત થાય છે કે ઇઝરાયેલની દોઢ વર્ષ કરતા લાંબી કાર્યવાહી છતાં ગાજામાં હમાસનો આતંકવાદ સંપૂર્ણ નાશ કરી શકાયો નથી. ૭ જુલાઈના રોજ એક સુરંગ હુમલામાં ઇઝરાયેલના ૫ સૈનિકોના મોત થયા હતા. પ્રાપ્ત માહિતી મુજબ ઇઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહુ અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વચ્ચે ગાજામાં સીઝ ફાયરની યોજના અંગે વાતચિત ચાલતી હતી તે જ સમયે હમાસે હુમલો કર્યો હતો. ગાજા સ્મશાનમાં ફેરવાઈ ગયું હોવા છતાં હમાસ પોતાનું અસ્તિત્વ પુરવાર કરતા આ સમસ્યા કેટલી પેચિંદી છે તે ધ્યાનમાં આવી છે. સીઝ ફાયરના પ્રથમ તબક્કામાં હમાસ ૫૦ માંથી ૧૦ ઇઝરાયેલી બંધકોને છોડવાનું હતું તેના બદલામાં ઇઝરાયેલ પેલેસ્ટાઈની કેદીઓને મુકત કરશે. ત્યાર પછી ઇઝરાયેલ ગાજાના ઉત્તર ભાગમાંથી પોતાની આર્મી હટાવવાનું હતું. અંતિમ તબક્કામાં બંને પક્ષો વચ્ચે સ્થાયી યુધ્ધવિરામ પર વાતચીત થવાની હતી.જો કે સૌથી મોટી અડચણ એ છે કે હમાસે ગાજામાંથી ઇઝરાયેલનું સંપૂર્ણ સૈન્ય પાછું ખેંચી લે અને ગાજા વિસ્તારને કવર કરવામાં આવ્યો છે તે કવર હટાવી લે તેવી માંગણી કરી છે. બંધકોને મુકત કરાવવા માટે ઇઝરાયેલ સરકાર પર દબાણ વધતું જાય છે.

## જો તમારે કામ કરતાં રહેવું હોય તો યુવાન દેખાવું પડશે : વિદ્યા બાલન



। મુંબઈ, તા.૮ ।

વિદ્યા બાલનની ગણતરી ઈન્ડસ્ટ્રીની સૌથી ટેલેન્ટેડ એક્ટ્રેસમાં થાય છે. છેલ્લાં થોડાં વખતથી તેણે વજન ઘટાડ્યું હોવાની ઘણી ચર્ચા છે. તેણે કેટલાંક ઈન્ટરવ્યુમાં વાત પણ કરી છે કે તેણે માત્ર યોગ્ય ખોરાક અને ગેસ ન થાય એવું ભોજન લઈને શરીરમાંથી નોંધપાત્ર વજન ઘટાડ્યું છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં વિદ્યાએ કહ્યું કે એક વખત તેને ફિલ્મના હિરો કરતાં નાના દેખાવા માટે વજન ઓછું કરવા કહેવાયું હતું.વિદ્યા બાલને શાહિદ કપૂર સાથે અઝીઝ મિર્ઝાની ફિલ્મ 'કિસ્મત કનેક્શન'માં કામ કર્યુ હતું. એ વખતનો અનુભવ યાદ કરતાં વિદ્યાએ કહ્યું કે તેને શાહિદથી નાના દેખાવા માટે વજન ઘટાડવા કહેવાયું હતું. વિદ્યાએ કહ્યું, "મેં કિસ્મત કનેક્શન કરી એ પહેલાં, કોઈએ મને કોલ કર્યો હતો અને કહ્યું હતું કે શાહિદ તારાથી બે વર્ષ નાનો છે. તને એની સામે કાસ્ટ કરવામાં આવી રહી છે. તેથી તારે વજન ઘટાડવું પડશે અને તારે એનાથી પણ નાનું દેખાવું પડશે. પરંતુ હવે દુનિયા બિલકુલ એ સમય કરતાં ઘણી બદલાઈ ગઈ છે."એ ફિલ્મ બોક્સ ઓફિસ પર ચાલી પણ નહોતી, પરંતુ તેનું મ્યુઝિક ઘણું લોકપ્રિય થયું હતું. હાલ શાહિદ કપૂર ૪૪ વર્ષનો છે અને વિદ્યા તેનાં કરતાં બે વર્ષ મોટી છે.

બંને નેતાઓ આગામી સપ્તાહે જ યુએઇમાં મળી શકે

# યુક્રેન યુદ્ધ પર ચર્ચા માટે ડોનાલ્ડ ટ્રમ્પ ટ્રમ્પ અને પુતિન એકબીજાને મળશે

**ટ્રમ્પે યુક્રેન સાથેનું યુદ્ધ પૂરું કરવા આપેલી સમય મર્યાદા શુક્રવારે પૂરી થઈ રહી છે ત્યારે તેના આગલા દિવસે જ પુતિને ટ્રમ્પ સાથે મુલાકાતનો તખ્તો ઘડ્યો છે**

। મોસ્કો, તા.૮ ।

એકબીજાના ટીકાકાર અને દુશ્મન મનાતાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયાના રશિયન પ્રમુખ વ્લાદિમિર પુતિન ટૂંકમાં જ એકબીજાને મળશે. પુતિને આગામી સપ્તાહ દરમિયાન યુનાઈટેડ આરબ એમિરેટ્સ (યુએઈ) ખાતે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાતની શક્યતા વ્યક્ત કરી છે. જોકે વાટાઘાટો મામલે પહેલ અમેરિકા તરફથી કરવામાં આવી છે. આ વાટાઘાટોમાં ત્રણ વર્ષથી રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને અટકાવવાની દિશામાં નક્કર પગલાં લેવાની ચર્ચા થઈ શકે છે. બીજી બાજુ યુદ્ધ અટકાવવા માટે ટ્રમ્પે રશિયાને આપેલી મુદત શુક્રવારે પૂરી થઈ રહી છે ત્યારે આગલા દિવસે આ જાહેરાત કરાઈ છે.પુતિનના વિદેશી બાબતોના સલાહકાર યુરી ઉશાકોવના જણાવ્યા મુજબ, આ મુલાકાત દરમિયાન યુક્રેનના પ્રમુખ વોલોડીમીર ઝેલેન્સ્કીની ઉપસ્થિતિ નહીં હોય. વધુમાં યુરીએ કહ્યું હતું કે, આ વાટાઘાટો દરમિયાન ઝેલેન્સ્કીને હાજર નહીં રાખવા બાબતે અમેરિકાએ પણ હકારાત્મક જવાબ આપ્યો હતો. યુક્રેન સાથે યુદ્ધ વિરામ પર ચર્ચા પહેલા ટ્રમ્પ સાથે વાટાઘાટોમાં



મહત્ત્વના નિર્ણયો લેવાનું રશિયાનું આયોજન છે. ટ્રમ્પ-પુતિનની બેઠક સફળ રહેવાની અપેક્ષા રસિયાએ વ્યક્ત કરેલી છે. અમેરિકાના વિશેષ દૂત સ્ટીવ વિટકોફ સાથે આ બાબતે અગાઉ ચર્ચા થયેલી હતી અને યુએઈના પ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેલ અલ નાહયાન સાથે મુલાકાત બાદ પુતિને આ બેઠકની જાહેરાત કરી છે.ટ્રમ્પે યુક્રેન સાથેનું યુદ્ધ પૂરું કરવા આપેલી સમય મર્યાદા શુક્રવારે પૂરી થઈ રહી છે ત્યારે તેના આગલા દિવસે જ પુતિને ટ્રમ્પ સાથે મુલાકાતનો તખ્તો ઘડ્યો છે. જો કે આગામી સપ્તાહે યોજાનારી બેઠકના પગલે ટ્રમ્પે આપેલી સમયમર્યાદામાં ફેરફાર થશે કે પછી રશિયા પર પ્રતિબંધો લાગુ કરવામાં આવશે તે અંગે અમેરિકા તરફથી કોઈ સ્પષ્ટતા થઈ નથી. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોવાલે મોસ્કોની મુલાકાત દરમિયાન ગુરુવારે જણાવ્યું કે, રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન ટૂંક સમયમાં ભારતના પ્રવાસે આવશે. તેમની ભારત મુલાકાતની તારીખો નક્કી થઈ રહી છે તેમ સૂત્રોએ પુષ્ટિ કરતા કહ્યું હતું. પુતિનના ભારત પ્રવાસ માટે કોઈ ચોક્કસ તારીખ કે સમયગાળા પર ચર્ચા થઈ નથી. અગાઉ અહેવાલોમાં ઓગસ્ટના અંતે રશિયાના રાષ્ટ્રપતિ ભારત પ્રવાસે આવી શકે છે તેવો ઉલ્લેખ કરાયો હતો જે ખોટું હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

પોલીસે તરત જ કાર્યવાહી કરી ગુનો દાખલ કર્યો હતો

## પેટલાદના મોરડમાં લૂંટના ઈરાદે વૃદ્ધાની હત્યા કરી ભાગી છૂટેલા બે શખ્સો પકડાયા

**પોલીસ પુછતાછમાં શખ્સે પૈસાની જરૂર હતી તથા દારૂ પીવો હતો એટલે તેણે આ હત્યા કરી હોવાનું કબુલ કર્યુ**

। પેટલાદ, તા.૮ ।

પેટલાદ તાલુકાના મોરડ ગામની અછીપુરા સીમમાં આવેલા ખેતરમાં રહેતી અને દેશી દારૂ વેચી જીવન ગુજરાન ચલાવતી ૭૫ વર્ષીય વૃદ્ધાની મંગળવારે સાંજના અરસામાં બે શખ્સોએ લુંટના ઈરાદે હત્યા કરી સોનાની બુટ્ટીઓની લુંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. જેમને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડી તેમના રીમાન્ડ લેવાની તજવીજ હાથ ધરી છે.મોરડ ગામની અછીપુરા સીમ વિસ્તારમાં ૪૦ વર્ષીય રામાભાઈ ઉર્ફે ટીકાભાઈ બુધાભાઈ પરમાર પોતાના પત્ની, સંતાન સહિતના પરિવાર સાથે રહે છે અને ડ્રાઈવિંગ કરી જીવન ગુજરાન ચલાવે છે. રામાભાઈ પરમારના ૭૫ વર્ષીય વિધવા માતા ધુળીબેન બુધાભાઈ મંગળભાઈ પરમાર જે પોતાના પુત્ર રામાભાઈ પરમારથી અલગ ઘરથી થોડે દૂર ખેતરમાં કાચું મકાન બનાવીને રહેતા હતા અને પોતાનું જીવન ગુજરાન ચલાવવા માટે દેશી દારૂ વેચતા હતા. મંગળવારે સાંજના અરસામાં એકલવાયું જીવન જીવતા વૃદ્ધા ધુળીબેન બુધાભાઈ પરમારની લાશ મળી આવી હતી. આ બનાવની જાણ થતા જ મહેળાવ પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને ધુળીબેનના મૃતદેહનો કબ્જો મેળવી પીએમ માટે કરમસદ હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. અને અકસ્માતે મોતની નોંધ કરી તપાસ હાથ ધરી હતી. દરમ્યાન મરણ જનાર ધુળીબેનના ૧૫ વર્ષીય પૌત્ર હરીશભાઈએ પોતાના પિતા રામાભાઈ તેમજ માતાને જણાવ્યું હતું કે, ધુળીદાદી કેવી રીતે મરી ગયા તે હું જાણું છું. જેથી રામાભાઈ અને તેમના પત્નીએ પુત્ર હરીશને વિશ્વાસમાં લઈને પૂછતા ધુળીબેન છેલ્લા કેટલાક સમયથી ઘરથી થોડે દૂર આવેલા ખેતરમાં એકલા રહેતા હતા અને દેશી દારૂ વેચતા હતા અને તેમને ત્યાં મજૂરી કામ માટે પેટલાદના સિંહોલ ગામનો અમરત ઉર્ફે લોટીયો પ્રભાતભાઈ આવતો હતો. જેથી પોતે તેને ઓળખે છે. મંગળવારે સાંજના અરસામાં અમરત ઉર્ફે લોટીયો પ્રભાતભાઈ પોતાની સાથે એક શખ્સને લઈને ધુળીબેનના ઘરે આવી ચઢયો હતો. જ્યાં અજાણ્યા શખ્સે પાછળથી ધુળીબેનને બાથમાં લઈને પકડી રાખ્યા હતા જ્યારે અમરત ઉર્ફે લોટીયો ધુળીબેનના કાનમાં પહેરેલી બંને સોનાની બુટ્ટીઓ ખેંચીને તોડતો હતો. જેથી ધુળીબેન ગભરાઈ ગયા હતા અને હાથ-પગથી ધમપછાડા કરતા હતા.

## મૃણાલ ઠાકુર અને ધનુષના સંબંધો અંગે સોશિયલ મીડિયા પર ચર્ચા



। મુંબઈ, તા.૮ ।

છેલ્લાં કેટલાંક દિવસોથી અનેક લોકોની નજર ધનુષ અને મૃણાલ ઠાકુર પર છે. તે બંને એકબીજાને ડેટ કરતાં હોય એવી ચર્ચા પૂર જોશમાં છે. મૃણાલ ઠાકુરની તાજેતમાં રિલીઝ થયેલી ફિલ્મ 'સન ઓફ સરદાર'ની એક ઈવેન્ટમાં જ્યારે ધનુષ મૃણાલના મહેમાન તરીકે હાજર રહ્યો અને પછી ફરી વખત મૃણાલની બર્થ ડે પાર્ટીમાં પણ તે દેખાયો તેથી આ ચર્ચાઓ શરૂ થઈ છે. ત્યારથી ફૅન્સ તેમની દરેક બાબત અને દરેક સોશિયલ મીડિયા પોસ્ટ પર નજર રાખીને બેઠાં છે. તેમાં પણ હવે મૃણાલે ઈન્સ્ટાગ્રામ પર ધનુષની બંને બહેનો ડૉ.કાર્તિકા કાર્તિક અને વિમલા ગીતાને ઈન્સ્ટાગ્રાંમ પર ફોલો કર્યા અને તેમણે પણ મૃણાલને ફોલો કરી પછી આ ચર્ચાઓએ જોર પકડ્યું છે. કેટલાંક સુત્રો દ્વારા પણ તેમની વચ્ચે કશુંક ચાલતું હોય એવા અહેવાલો આવે છે, સાથે જ કેટલાંક લોકો આ બંને એકબીજાના હાથમાં હાથ નાથીને જોવા મળ્યાં હોવાની સાક્ષી પણ પુરે છે. બીજી તરફ ધનુષના તેની બહેનો સાથે ઘણા નજીક અને ઘનિષ્ઠ સંબંધો રહ્યા છે. તેની બેહનો કાર્તિકા અને વિમલા બંને ડોક્ટર છે અને બંને સોશિયલ મીડિયા પર પણ ઘણાં એક્ટિવ રહે છે. એવા પણ અહેવાલો છે કે ધનુષ લગભગ બે મહિને તો તેની બહેનોને મળે જ છે. થોડાં વખત પહેલાં ધનુષે તેની બંને બહેનો સાથે પોતે ૬ વર્ષનો હતો ત્યારનો એક ફોટો પણ સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો.

## વૈભવી જીવન છોડી ગામમાં જઇને વસી ગઇ જેકી શ્રોફની દીકરી

। મુંબઈ, તા.૮ ।

જેકી શ્રોફની દીકરી કૃષ્ણા બાળપણથી જ વૈભવી જીવન જીવે છે પરંતુ પોતાની લિમિટ્સને પુશ કરવા તે રિયાલિટી શો 'Chhoriyan Chali Gaon'માં આવી છે. આ શૉ માં કૃષ્ણા જે ફેમિલી સાથે રહે છે, તેની તે ફેવરેટ દીકરી બની ચૂકી છે. પરંતુ ગામની દેશી લાઈફમાં એડજસ્ટ કરવામાં તેને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લા એપિસોડમાં બતાવવામાં આવ્યું હતું કે, કેવી રીતે કૃષ્ણા પરેશાન થઈ જાય છે. પેટ સાફ ન થવાના કારણે તે કોઈ કામ નથી કરી શકતી. તે સરખી રીતે ખાઈ પણ નથી શકતી. કૃષ્ણા કહે છે કે 'જ્યાં સુધી મારું પેટ સાફ ન થઈ જાય ત્યાં સુધી મારી બોડી આવી રીતે ફંકશન ન કરી શકે. હું હવે એક પણ અનાજનો દાણો ન ખાઈ શકું. હું પરેશાન થઈ ગઈ છું. હું કંઈ નથી કરી શકતી.'ઘરમાં ભુજીયા સેવ બને છે પરંતુ કૃષ્ણા તે પણ નથી ખાઈ શકતી. સ્ટાર કિડની આવી હાલત જોઈને ગામની મહિલા રડવા લાગે છે. તે કૃષ્ણાને સમજાવે છે કે તું દવા ખાઈને સ્વસ્થ થઈ જઈશ. કૃષ્ણા મહિલાને રડતા જોઈને તેને ભેટી પડે છે અને કહે છે કે 'આન્ટી તમે રડશો નહીં. તમે દિલના ખૂબ જ સાચા છો. હું અહીં આવીને ખૂબ જ ખુશ છું. હું નથી ઈચ્છતી કે તમને ખરાબ ફીલ થાય. કારણ કે તમારા કારણે કંઈ નથી થયું. મારુ સ્ટ્રીક્ટ રૂટીન છે.

## વર્તમાન પરિસ્થિતિઓને કારણે ભારત સાથે વેપાર વાટાઘાટો આગળ વધારવામાં આવશે નહીં : ડોનાલ્ડ ટ્રમ્પ

। વોશિંગ્ટન, તા.૮ ।

ભારત અને અમેરિકા વચ્ચે ચાલી રહેલ ટેરિફ વિવાદ વધુ ઘેરો બની રહ્યો છે. દરમિયાન, ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે વર્તમાન પરિસ્થિતિઓમાં ભારત સાથે કોઈ વેપાર વાટાઘાટો થશે નહીં. ગુરુવારે વ્હાઈટ હાઉસ ખાતે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન,ટ્રમ્પને પૂછ્યું કે શું તેઓ ભારત પર ૫૦ ટકા ટેરિફની જાહેરાત કર્યા પછી વેપાર વાટાઘાટો આગળ વધવાની અપેક્ષા રાખે છે? ડોનાલ્ડ ટ્રમ્પે આ પ્રશ્નનો જવાબ આપ્યો - ના. ટ્રમ્પે કહ્યું, "જ્યાં સુધી અમે આનો ઉકેલ નહીં લાવીએ ત્યાં સુધી ભારત અને અમેરિકા વચ્ચે વેપાર વાટાઘાટો આગળ વધશે નહીં."તમને જણાવી દઈએ કે ડોનાલ્ડ ટ્રમ્પે ગયા મહિને ૩૦ જુલાઈએ ભારત પર ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી હતી. આ સાથે, તેમણે કહ્યું હતું કે ભારત રશિયા પાસેથી મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ અને લશ્કરી સાધનો ખરીદે છે, જેના માટે ભારત પર અલગથી દંડ કરવામાં આવશે. ત્યારબાદ, ટ્રમ્પે ૬ ઓગસ્ટે રશિયા સાથે વેપાર કરવા બદલ ભારત પર વધારાના ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી. ત્યારબાદ અમેરિકા દ્વારા ભારત પર લાદવામાં આવેલ કુલ ટેરિફ વધીને ૫૦ ટકા થઈ ગયો. ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ગૌણ પ્રતિબંધો લાદવાની પણ વાત કરી છે.અમેરિકાએ ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદ્યા પછી, પીએમ મોદીએ કહ્યું કે ભારત તેના ખેડૂતોના હિત સાથે સમાધાન કરશે નહીં. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમમાં કહ્યું કે ખેડૂતોનું હિત ભારતની ટોચની પ્રાથમિકતા છે. પીએમએ કહ્યું કે ભારત ખેડૂતો, માછીમારો અને ડેરી ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોના હિત સાથે ક્યારેય સમાધાન કરશે નહીં. પીએમ મોદીએ કોન્ફરન્સમાં કહ્યું, "જો મારે ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા માટે કિંમત ચૂકવવી પડે તો હું તેના માટે તૈયાર છું."

કેટલાક મુસાફરો અકળાયા | આ ઉપરાંત અનેક ફ્લાઈટ્સના કાર્યક્રમમાં નોંધપાત્ર વિલંબ થતા યુએસમાં ડોમેસ્ટિક તથા આંતરરાષ્ટ્રીય હવાઈ સેવા ખોરવાઈ ગઈ હતી

# ટેકનિકલ ખામીને લીધે યુનાઇટેડ એરની ૮૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ

। હ્યુસ્ટન, તા.૮ ।

યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા (યુએસ)માં ટેક્રિકલ ખામી સર્જાતા ઉડ્ડયન સેવા પ્રભાવિત થઈ હતી. બુધવારે યુનાઈટેડ એરલાઈન્સે એકાએક ૮૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરી દીધી હતી. આ ઉપરાંત અનેક ફ્લાઈટ્સના કાર્યક્રમમાં નોંધપાત્ર વિલંબ થતા યુએસમાં ડોમેસ્ટિક તથા આંતરરાષ્ટ્રીય હવાઈ સેવા ખોરવાઈ ગઈ હતી. હ્યુસ્ટન ખાતે આવેલા જ્યોર્જ બુશ ઈન્ટરકોન્ટિનેન્ટલ એરપોર્ટ જ્યાંથી યુનાઈટેડ એરલાઈન પોતાની કામગીરીનું સંચાલન કરે છે ત્યાં એરપોર્ટ ટર્મિનલ પર હજારોની સંખ્યામાં મુસાફરો અટવાઈ ગયા હતા. એરલાઈને બાદમાં ફ્લાઈટ રદ કરવા પાછળનું કારણ ડિસપેચ તથા ફ્યુલિંગ સિસ્ટમમાં ટેક્રિકલ આઉટેજ હોવાનું જાહેર કર્યુ હતું. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (એફએએ)એ નિવેદનમાં જણાવ્યું કે, યુનાઈટેડ એરલાઈને ટેક્રિકલ ખામીને પગલે સેવા રદ કરી હોવાનું સોશિયલ મીડિયામાં જણાવ્યું હતું. એરલાઈને દેશભરમાં ફ્લાઈટોની ઉડાનને સ્થગિત રાખવા એફએએને જણાવ્યું હતું. આ સમગ્ર મામલે એફએએ નજર રાખી રહ્યું છે.




હવાઈ સેવા ખોરવાતાં મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. એરપોર્ટ પરનો સ્ટાફ પણ અસાધારણ વિલંબ માટે કોઈ જવાબ રજૂ કરી શક્યો નહતો જેથી કેટલાક મુસાફરો અકળાયા હતા. યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા (યુએસ)માં ટેક્રિકલ ખામી સર્જાતા ઉડ્ડયન સેવા પ્રભાવિત થઈ હતી. બુધવારે યુનાઈટેડ એરલાઈન્સે એકાએક ૮૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરી દીધી હતી. આ ઉપરાંત અનેક ફ્લાઈટ્સના કાર્યક્રમમાં નોંધપાત્ર વિલંબ થતા યુએસમાં ડોમેસ્ટિક તથા આંતરરાષ્ટ્રીય હવાઈ સેવા ખોરવાઈ ગઈ હતી. હ્યુસ્ટન ખાતે આવેલા જ્યોર્જ બુશ ઈન્ટરકોન્ટિનેન્ટલ એરપોર્ટ જ્યાંથી યુનાઈટેડ એરલાઈન પોતાની કામગીરીનું સંચાલન કરે છે ત્યાં એરપોર્ટ ટર્મિનલ પર હજારોની સંખ્યામાં મુસાફરો અટવાઈ ગયા હતા. એરલાઈને બાદમાં ફ્લાઈટ રદ કરવા પાછળનું કારણ ડિસપેચ તથા ફ્યુલિંગ સિસ્ટમમાં ટેક્રિકલ આઉટેજ હોવાનું જાહેર કર્યુ હતું. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (એફએએ)એ નિવેદનમાં જણાવ્યું કે, યુનાઈટેડ એરલાઈને ટેક્રિકલ ખામીને પગલે સેવા રદ કરી હોવાનું સોશિયલ મીડિયામાં જણાવ્યું હતું.એરલાઈને દેશભરમાં ફ્લાઈટોની ઉડાનને સ્થગિત રાખવા એફએએને જણાવ્યું હતું. આ સમગ્ર મામલે એફએએ નજર રાખી રહ્યું છે. હવાઈ સેવા ખોરવાતાં મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

ટ્રમ્પે જાહેરાત કરીને ખળભળાટ મચાવી | છ મહિના પહેલા પદ સંભાળનારા ટ્રમ્પે કહ્યું હતું કે ઉત્તરાધિકારીઓ વિશે વાત કરવી "ખૂબ વહેલું" હશે

# દુનિયામાં ટેરિફ યુદ્ધ શરૂ કર્યા પછી । ટ્રમ્પે અચાનક પોતાના ઉત્તરાધિકારીની જાહેરાત કરી

। વોશિંગ્ટન, તા.૮ ।

દુનિયાભરમાં ટેરિફ યુદ્ધ શરૂ કરનારા યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના કાર્યકાળના ૬ મહિનાની અંદર પોતાના ઉત્તરાધિકારીની જાહેરાત કરીને ખળભળાટ મચાવી દીધો છે. ટ્રમ્પે પહેલાથી જ તેમના સૌથી વિશ્વસનીય સાથી અને યુએસ ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સને તેમના MAGA ઉત્તરાધિકારી તરીકે જાહેર કરી દીધા છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે ઉપરાષ્ટ્રપતિ વાન્સ તેમના 'મોટાભાગના' સ્છ્ચ્છ ઉત્તરાધિકારી છે.

ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યો છે કે ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સ તેમના મેક અમેરિકા ગ્રેટ અગેન ચળવળના "સૌથી વધુ સંભવિત" ઉત્તરાધિકારી હોઈ શકે




છે, જ્યારે રાજ્ય સચિવ માર્કો રુબિયો પણ "કેટલાક ક્ષમતામાં" તેમની સાથે જોડાઈ શકે છે. છ મહિના પહેલા પદ સંભાળનારા ટ્રમ્પે કહ્યું હતું કે ઉત્તરાધિકારીઓ વિશે વાત કરવી "ખૂબ વહેલું" હશે, પરંતુ વાન્સ ચોક્કસપણે "ખૂબ સારું કામ કરી રહ્યા છે અને આ સમયે તેઓ કદાચ સૌથી પ્રિય છે."

વાન્સ યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ રુબિયોને તેમના રનિંગ મેટ તરીકે રાખી શકે છે. તેઓ વાન્સને તેમના ઉપરાષ્ટ્રપતિ તરીકે જોડાઈ શકે છે. ટ્રમ્પે કહ્યું હતું કે રુબિયો પણ "કેટલાક ક્ષમતામાં જે.ડી. સાથે જોડાઈ શકે છે." ટ્રમ્પે અગાઉ ૨૦૨૮ ના ઉત્તરાધિકારી માટે કોઈપણ સમર્થનને નકારી કાઢ્યું હતું. ફેબ્રુઆરીમાં, ટ્રમ્પે કહ્યું હતું કે વાન્સ "ખૂબ સક્ષમ" છે પરંતુ તેમને અગ્રણી ઉમેદવાર તરીકે નામ આપવું "ખૂબ વહેલું" હશે.જેડી વાન્સ ૪૦ વર્ષના છે. તેઓ ભૂતપૂર્વ મરીન અને ૨૦૨૩ થી ૨૦૨૫ સુધી ઓહિયોના સેનેટર છે. ટ્રમ્પ વહીવટના બીજા કાર્યકાળમાં તેઓ મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે. રુબિયો અને વાન્સ ઉપરાષ્ટ્રપતિ પદ માટે સ્પર્ધા કરી ચૂક્યા છે, પરંતુ હવે તેઓ ટ્રમ્પની નીતિઓને પ્રોત્સાહન આપવા માટે નજીકથી કામ કરી રહ્યા છે. આ પહેલી વાર છે જ્યારે યુએસ રાષ્ટ્રપતિએ વાન્સને સંભવિત ઉત્તરાધિકારી તરીકે સંકેત આપ્યો છે. ટ્રમ્પે મે મહિનામાં વાન્સ અને રૂબિયો બંનેને સંભવિત ઉત્તરાધિકારી તરીકે નામ આપ્યા હતા, એમ પીટીઆઈએ ટાઈમ ડોટ કોમને ટાંકીને અહેવાલ આપ્યો હતો. દુનિયાભરમાં ટેરિફ યુદ્ધ શરૂ કરનારા યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના કાર્યકાળના ૬ મહિનાની અંદર પોતાના ઉત્તરાધિકારીની જાહેરાત કરીને ખળભળાટ મચાવી દીધો છે. ટ્રમ્પે પહેલાથી જ તેમના સૌથી વિશ્વસનીય સાથી અને યુએસ ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સને તેમના MAGA ઉત્તરાધિકારી તરીકે જાહેર કરી દીધા છે.




































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya